www.markazahlesunnat.com

# મહાન મુસ્લિમ વિજ્ઞાનીઓ




www.markazahlesunnat.com

લેખક : અલ્લામા અબ્દુસ્સતાર હમદાની 'મસરૂફ' (બરકાતી-નૂરી)

પ્રકાશક

મરકઝે અહલે સુન્નત બરકાતે રઝા

ઇમામ અહમદ રઝા રોડ, મેમણવાડ, પોરબંદર, ગુજરાત.

# મહાન મુસ્લિમ વિજ્ઞાનીકો

**-: લેખક :-**

ખલીફ-એ-મુફ્તી આઝમે હિન્દ, માહિરે રઝવીયાત,

મુનાઝિરે અહલે સુન્નત,

**હઝરત અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાની**

"મસ્રૂફ" (બરકાતી - નૂરી)

**-: પ્રકાશક :-**

**મરકઝે એહલે સુન્નત બરકાતે રઝા**

ઈમામ અહમદ રઝા રોડ, મેમણવાડ. પોરબંદર.



www.markazahlesunnat.com



**સર્વે હક્ક લેખક ને સ્વાધીન છે**

કિતાબ નું નામ : **"મહાન મુસ્લિમ વિજ્ઞાનીકો"**

સંપાદક : ખલીફ-એ-મુફ્તી આઝમે હિન્દ, અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાની "મસ્રૂફ" (બરકાતી - નૂરી)

કમ્પોઝિંગ : હાફિઝ ઇમરાન હબીબી (મરકઝ-પોરબંદર)

પ્રુફ રિડીંગ : હાજી શબ્બીર અબ્દુસ્સત્તાર હમદાની

આવૃતિ : પહેલી

પ્રત : ૧૧૦૦ (અગ્યાર સો)

પ્રકાશન વર્ષ : મે - ૨૦૧૩

**-: પ્રાપ્તિ સ્થાન :-**

- **મદની સરકાર ગ્રુપ**
  હૈદરી મસ્જિદ, ખાટકીવાડ, મોરબી (જીઃ રાજકોટ)
- **મરકઝે એહલે સુન્નત બરકાતે રઝા**
  ઇમામ અહમદ રઝા રોડ, મેમણવાડ. પોરબંદર.
- **કલીમ બુક ડીપો**
  ખાસ બજાર, તીન દરવાઝા, અહમદઆબાદ-૧
- **નૂરી એન્ટરપ્રાઇઝ** - ડો. બીપીન વ્યાસ હોસ્પીટલ સામે, ગુજરાતી ચોક પાસે, **આણંદ** (ગુજરાત)

# પ્રસ્તાવના

ઇસ્લામ ના ઉદય કાળ થી લઈને અત્યાર સુધી મુસ્લિમ સંપ્રાદય માં હઝારો ની સંખ્યા માં મુસ્લિમ વિજ્ઞાનીકો થઈ ગયા અને વિશ્વ ને અનેક શોધો અને સંશોધનો ની ભેટ પોતાના સાહિત્ય વારસા રૂપે આપી ગયા. વર્તમાન યુગ ની આધુનિક શોધો વાસ્તવિક સ્વરૂપે મુસ્લિમ વિજ્ઞાનીઓ ની રાત-દિવસ ની અથાગ મહેનત ના મૂળ અને મીઠા ફળ છે.

દરેક સદી માં મહાન મુસ્લિમ વિજ્ઞાનીકો એ જન્મ લઈને પોતાના જ્ઞાન ની ક્ષમતા અનૂસાર વિવિધ શાસ્ત્રો, જ્ઞાનો અને ક્ષેત્રો માં નિષ્ણાંત બની ને જગત સમક્ષ અકલ્પનીય અને અદ્વીતીય શોધો અને સંશોધનો રજૂ કરી ને પોતાના સમકાલીન વિજ્ઞાનીકો અને જ્ઞાન ના મહારથીઓ ને આશ્ચર્યચકિત કરી દીધા. ભૂતકાળ માં થઈ ગએલા બધા મુસ્લિમ વિજ્ઞાનીકો પોતાના સમય ના મહાન આલિમે દીન હતા. દરેક વિજ્ઞાનીક પ્રાથમિક તબકકે દીને ઇસ્લામ ની સંપૂર્ણ તા'લીમ હાસિલ કરતો. ત્યાર બાદ જ વિવિધ વિષયો ના જ્ઞાન પ્રત્યે લક્ષ આપતો. તે જ્યારે કોઈ બાબત વિશે સંશોધન, શોધ, ચિંતન કે મનન કરતો, ત્યારે તે પોતાના વિચારો ની કુરઆને મજીદ ની રોશની અને માર્ગદર્શન દ્વારા સમીક્ષા કરતો અને જો તે કુરઆની જ્ઞાન થી સુઃસંગિત અને સર્મથિત થતું, તો તે દિશા માં આગળ વધતો અને દરેક ડગલું ફક્ત અને ફક્ત કુરઆન ની તા'લીમ અને માર્ગદર્શન ની હદરેખા માં સિમીત રહીને ભરતો.

કુરઆને મજીદ માં દરેક વસ્તુ નું વર્ણન વિસ્તારપૂર્વક



www.markazahlesunnat.com

પ્રાપ્ય છે અથવા તે અંગે સંક્ષિપ્ત માં સંકેત કરી દેવા માં આવ્યું છે. પણ તેની જાણકારી તેવી વ્યક્તિ ને જ થઈ શકે છે કે જેને અલ્લાહ તઆલા એ પોતાના ફઝલો-કરમ થી નૂરે બશીરત અતા ફરમાવી ને આંખો સામે થી અજ્ઞાનતા ના બધા પડદા હટાવી દીધા હોય. તેવી વ્યક્તિ વિશ્વ ના દરેક ક્ષેત્ર ની દરેક બાબત નો ઉકેલ કુરઆન દ્વારા મેળવી શકે છે.

ભૂતકાળ ના મહાન આલિમો એ કુરઆન ના શિક્ષણ દ્વારા પોતાના દિલો ને પ્રકાશિત કરીને કુરઆન ના શિક્ષણ ના માર્ગદર્શન દ્વારા વિવિધ ક્ષેત્રે ચિંતન અને મનન કરીને વિવિધ શોધો અને સંશોધનો કરીને વિશ્વમાં હલચલ મચાવી દીધેલી. ઇસ્લામ ના સોનેરી ઇતિહાસ ના પૃષ્ઠો એ હકીકત ના મૂક સાક્ષી છે કે ઇસ્લામિક શાસન ના સમયકાળ દરમિયાન મુસ્લિમ વિજ્ઞાનીકો એ શાસકો ના સહકાર ના કારણે નવી નવી શોધો કરીને જગત માં એક પરિવર્તન લાવી દીધું અને પ્રગતિ ના સોપાનો સર કરવાનો માર્ગ મોકળો કરી દીધો. પરિણામે મુસ્લિમ શાસનો ના સમયકાળ માં સાયન્સે હૈરત પમાડે તેવી પ્રગતિ સાધી. ત્યાં સુધી કે પશ્ચિમ ના દેશોના વિજ્ઞાનીકો એ પણ ઇસ્લામી સંશોધકો ને માર્ગદર્શકો ની હૈસિયત થી સ્વીકારી ને તેઓ એ બતાવેલી પગદંડી ઉપર ચાલી ને સફળતા ની મંઝિલ સુધી પહોંચી ગયા.

પણ અફસોસ ! કે વર્તમાન યુગ ના મુસ્લિમ બાળકો અને યુવાનો એ હકીકત થી સંપૂર્ણ અજાણ છે કે અમુક સદીઓ પહેલાં વિશ્વસ્તર ની તમામ શોધો અને પ્રગતિ ના મૂળ માં મુસ્લિમ વિજ્ઞાનીકો હતા. વર્તમાન યુગ માં પશ્ચિમ ના દેશો ના ગૈર-મુસ્લિમો પોતાની પ્રગતિ અને આધૂનિક શોધો પ્રત્યે જે ગર્વ કરે છે, તે વાસ્તવ માં ભૂતકાળ ના મહાન

મુસ્લિમ વિજ્ઞાનીકો ની રાત-દિવસ ની અથાગ મહેનત અને પરિશ્રમ ની દૈન છે. આજ ની વર્તમાન મુસ્લિમ પેઢી ભૂતકાળ માં થઈ ગએલા મહાન મુસ્લિમ વિજ્ઞાનીકો ના નામ સુધ્ધાં પણ નથી જાણતી. તેનું એક કારણ એ પણ છે કે ભૂતકાળ ના મુસ્લિમ વિજ્ઞાનીકો એ વિવિધ શોધો ના અનુસંધાને જે પુસ્તકો અરબી, લેબનાની અને અન્ય ભાષાઓ માં લખેલા, તે પુસ્તકો ના અંગ્રેજી અનુવાદો કરીને તે પુસ્તકો ના લેખક અને તેમાં વર્ણન કરેલી શોધો ના શોધક તરીકે અંગ્રજો એ પોતાના નામો ઝીંકી દીધા અને મુસ્લિમ વિજ્ઞાનીકો ને અજ્ઞાતવાસ ના અંધકાર માં ધકેલી દઈને અન્યાય ની પરાકાષ્ટતા ના ઉદાહરણો પૂરા પાડ્યા છે અને સમગ્ર વિશ્વ સમક્ષ સાહિત્ય તડફંચી અને છેતરપિંડી ના નગ્ન નૃત્યુ ની અશ્લીલતા રજૂ કરી છે.

બલ્કે ..........

ત્યાં સુધી નું જુઠાણું ચલાવવા માં ક્ષોભ અનુભવ્યો નથી કે "મુસ્લિમો એ કદી પણ કોઈ શોધ નથી કરી." ઇસ્લામી જગત માં એક-બે અથવા સેંકડો નહીં બલ્કે હઝારો ની સંખ્યા માં વિજ્ઞાનીકો, સંશોધનો, ચિંતકો અને જ્ઞાન ના વિવિધ ક્ષેત્ર ના નિષ્ણાંતો થઈ ગયા છે. જેના પુરાવાઓ પુસ્તકો માં ઉપલબ્ધ છે પણ તે બધા પુસ્તકો પુસ્તકાલયો ના કબાટો ની શોભા અથવા ઉધઈ નો ખોરાક બની ગયા છે. સ્કુલો અને કોલેજો ના પાઠ્ય પુસ્તકો માં ક્યાંય પણ મુસ્લિમ વિજ્ઞાનીકો ના નામ નો ઉલ્લેખ નહીં મળે. એક વ્યવસ્થિત આયોજન, કાવત્રા અને ષડયંત્ર હેઠળ મુસ્લિમ વિજ્ઞાનીકો દ્વારા કરવામાં આવેલી શોધો ને બિનઃમુસ્લિમ વિજ્ઞાનીકો ના નામે ચડાવી દેવા માં આવી છે. બલ્કે ઇસ્લામ પ્રત્યે ની શત્રુતા



www.markazahlesunnat.com



અને મુસ્લિમો પ્રત્યે ની ઘૃણા અને સુગ ને અનુલક્ષી ને ઇરાદા પુર્વક મુસ્લિમ વિજ્ઞાનીકો ના નામો કમી કરી નાખવા માં આવ્યા છે.


વર્તમાન મુસ્લિમ જનરેશન ને મુસ્લિમ વિજ્ઞાનીકો એ કરેલી શોધો અને તે વિજ્ઞાનીકો ના નામો ની જાણકારી પ્રાપ્ત થાય, તેવા નૈક મકસદ થી આ કિતાબ માં ફક્ત પચ્ચીસ (૨૫) મહાન મુસ્લિમ વિજ્ઞાનીકો નું સંક્ષિપ્ત બલ્કે અલ્પ માત્રા માં વર્ણન કર્યું છે. જેથી એ વાસ્તવિકતા પ્રકાશિત સુર્ય ની જેમ પુરવાર થાય કે મહાન મુસ્લિમ વિજ્ઞાનીકો એ સાયન્સ ના ક્ષેત્રે કરેલી અદ્રીતીય શોધો ની સોનેરી છાપ આજે પણ ઇતિહાસ ના પૃષ્ઠો માં અંકિત છે.

ખુદા-એ-તઆલા તેના પ્યારા મહેબૂબે અકરમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ ના સદકા માં વર્તમાન મુસ્લિમ જનરેશન ને ભૂતકાળ ના મહાન મુસ્લિમ વિજ્ઞાનીકો ના નકશે કદમ ઉપર ચાલીને વિજ્ઞાન ના ક્ષેત્રે ફરી વિવિધ શોધો કરવાની પ્રેરણા અને લાયકાત અર્પણ કરે.

(આમીન)

પોરબંદર
ઇસ્લામી તારીખ :- ૨૩, રજબ, હિ. ૧૪૩૪
અંગ્રેજી તારીખ :- 3, જૂન, ૨૦૧૩, સોમવાર

અબ્દુસ્સત્તાર હમદાની 'મસ્રૂફ'
(બરકાતી-નૂરી)



## "બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ"

અલ્લાહ તબારક વ તઆલા ના હજારો, લાખો, કરોડો બલ્કે અસંખ્ય એહસાનો આપણા ઉપર છે. સૌથી મોટો એહસાન એ છે કે અલ્લાહ તઆલા એ આપણ ને તેના પ્યારા મહેબૂબે અકરમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ ની 'ઉમ્મત' માં થી બનાવ્યા અને ઈમાન ની અમૂલ્ય દૌલત અતા ફરમાવી અને મઝહબે ઇસ્લામ ના અનુયાયી બનાવ્યા.

અલ્લાહ તઆલા એ આપણી હિદાયત અને રહેબરી માટે પોતાના મહેબૂબ ઉપર "કુરઆને મજીદ" જેવી અજોડ અને અનમોલ કિતાબ નાઝિલ ફરમાવી. કુરઆને મજીદ એક એવી અદ્વીતીય કિતાબ છે કે તેમાં સૃષ્ટીના સર્જન પૂર્વે ની, સર્જન સમય ની અને સર્જન પછી થી કયામત સુધી ની અને કયામત બાદ ની અબદુલ-આબાદ (હમેંશ ની ઝિન્દગી) નું સંપૂર્ણ વર્ણન છે.

બાહય સ્વરૂપે તો કુરઆને મજીદ ૬૦૦ થી ૧૦૦૦ પેઇજ સુધી ની કિતાબ છે. જેના ત્રીસ પારા (ભાગ) છે અને તે ત્રીસ પારા એક કિતાબ (વોલ્યુમ) સ્વરૂપે આપણી વચ્ચે છે. કુરઆને મજીદ એવી મહાન કિતાબ છે કે આવી વિસ્તૃત માહિતીસભર અન્ય કોઈ કિતાબ ન તો અસ્તિત્વ માં આવી છે, અને ન તો અસ્તિત્વ માં આવશે.

કુરઆને મજીદ ની "બિસ્મિલ્લાહ" ની "બે" થી લઈને "વન્નાસ" ની "સીન" સુધી માં એટલું બધું વર્ણન છે કે વિશ્વના ઉચ્ચકોટી ના વિદ્વાનો પણ આશ્ચર્ય ચકિત



www.markazahlesunnat.com



છે. ફક્ત એકજ કિતાબ માં ઇસ્લામ ના તમામ નિયમો જેમ કે હલાલ, હરામ, જાઇઝ, નાજાઇઝ, ઈમાન, કુફ્ર, શિર્ક અને અન્ય મૂળભૂત કાનૂનો વર્ણન કરી દેવાની સાથે સાથે ભૂતકાળ ના તમામ પ્રસંગો અને ભવિષ્ય ની તમામ ઘટનાઓ, શોધો, માનવજીવન ને અનુલક્ષિત બાબતો, આધૂનિક ટેકનોલોજી અને અન્ય એવી ગુપ્ત માહિતીઓ એવા નિરાલા અંદાઝ માં વર્ણન કરી દેવામાં આવી છે કે જેને જોઈને નિઃશંક એવું કહેવું પડે છે કે આ મહાન કિતાબ કોઈ માનવ સર્જીત નથી, બલ્કે માનવ સૃષ્ટી બલ્કે વિશ્વ ની તમામ સૃષ્ટિના સર્જનહાર ની જ કિતાબ છે.

મોટા ભાગ ના લોકો કે જેમાં કાફિર, મુશરિક, યહૂદી, ઈસાઈઓ બલ્કે ઘણા મુસ્લિમો એવી માન્યતા ધરાવે છે કે કુરઆને મજીદ માં ફક્ત ઇસ્લામ ધર્મ ના પાલન અંગે ના નિતી-નિયમો જ છે. નિઃશંક અલ્લાહ ની મુકદ્દસ કિતાબ કુરઆને મજીદ માં પવિત્ર ઇસ્લામ ધર્મ ના સમગ્ર કાયદા-કાનૂન વર્ણન કરી દેવામાં આવ્યા છે પણ કુરઆને મજીદ ફક્ત ઇસ્લામ ના કાનૂનો ના વર્ણન સુધી જ સિમિત અને મર્યાદિત નથી બલ્કે કુરઆને મજીદ માં સૃષ્ટીની દરેક બાબતો નું સચોટ વર્ણન છે. અને તે વર્ણન એટલું બધું સત્ય છે કે સૃષ્ટિ ની દરેક બાબત અને ઘટના કુરઆને મજીદ દ્વારા પુરવાર કરી શકાય છે.

કુરઆને મજીદ નિઃશંક અલ્લાહ નો કલામ છે અને અલ્લાહ નો કલામ ફક્ત સત્ય ઉપર જ આધારિત છે. કેમકે અલ્લાહ થી વધીને કોઈ સત્ય નથી, સત્ય કહેનારો નથી.

★ કુરઆને મજીદ માં છે કે :-

" وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ قِيْلاً "

<u>લિપિયાંતર</u> :- "વ-મન-અસ્દકો-મિનલ્લાહે-કીલા"

<u>હવાલો</u> :- પારા નં. ૫, સૂરએ નિસા, આયત નં.૧૨૨

<u>ઉર્દૂ અનુવાદ</u> :- "ઔર અલ્લાહ સે ઝયાદા કિસકી બાત સચ્ચી" (કન્ઝુલ ઈમાન)

<u>ગુજરાતી અનુવાદ</u> :- "અને અલ્લાહ થી વધીને કોની વાત સાચી"

ઉપરોક્ત આયત માં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે સૌથી વધીને અલ્લાહ ની વાત જ સત્ય છે. જેનો અર્થ એ થયો કે કુરઆને મજીદ અલ્લાહ તઆલા નો મુકદ્દસ કલામ હોવાના કારણે સત્ય... સત્ય... અને સત્ય જ છે. અસત્યને તેમાં લેશમાત્ર પણ સ્થાન કે અવકાશ નથી. કુરઆને મજીદ માં જે કંઈ પણ ફરમાવવા માં આવ્યું છે, તે સત્ય જ છે. હવે, એ જોઇએ કે કુરઆને મજીદ માં શું શું ફરમાવવા માં આવ્યું છે ?

---

★ <u>કુરઆને મજીદ માં છે કે :-</u>

" وَنَزَّلْنَا عَلَيْكَ الْكِتَابَ تِبْيَاناً لِّكُلِّ شَيْءٍ
وَّهُدًى وَّرَحْمَةً وَّبُشْرٰى لِلْمُسْلِمِيْنَ "

<u>લિપિયાંતર</u> :- "વ-નઝ્ઝલના-અલયકલ-કિતાબા-તિબ્યાનલ-લે-કુલ્લે-શયઇંવ-વ-હુદંવ-વ-રહમતંવ-વ-બુશરા-લિલ-મુસ્લેમીના"



www.markazahlesunnat.com

<u>હવાલો</u> :- પારા નં. ૧૪, સૂરએ નહલ, આયત નં.૮૯

<u>ઉર્દૂ અનુવાદ</u> :- "ઔર હમને તુમ પર કુરઆન ઉતારા, કિ હર ચીઝ કા રોશન બયાન હૈ ઔર હિદાયત ઔર રહમત ઔર બશારત મુસલમાનોં કો" (કન્ઝુલ ઈમાન)

<u>ગુજરાતી અનુવાદ</u> :- "અને અમોએ તમારા ઉપર કુરઆન ઉતાર્યું કે જે દરેક વસ્તુનો રોશન (પ્રકાશિત) બયાન (વર્ણન) છે હિદાયત અને રહેમત અને બશારત (ખુશખબરી) મુસલમાનોં માટે"

<u>તફસીર</u> :- આ આયત ની તફસીર માં છે કે :-

(૧) તિર્મિઝી શરીફ ની હદીષ માં છે કે હુઝૂરે અકદસ, રહમતે આલમ, સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે ભવિષ્ય માં ઉત્પન્ન થનારા ફિત્નાઓ ની ખબર આપી. સહાબા-એ-કિરામે તેનો આધાર પૂછતાં હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે ફરમાવ્યું કે અલ્લાહ ની કિતાબ માં તમારા પહેલાં ની ઘટનાઓ ની પણ ખબર છે અને તમારા પછી થનારી ઘટનાઓ ની પણ માહિતી છે અને અત્યારે તમારી વચ્ચે શું થઈ રહ્યું છે, તેની પણ જાણકારી (ઇલ્મ) છે.

(૨) અબૂબક્ર બિન મુજાહિદ દ્વારા વર્ણન કરવા માં આવ્યું છે કે તેઓએ એક દિવસ ફરમાવ્યું

કે વિશ્વમાં કોઈપણ વસ્તુ એવી નથી જેનું વર્ણન કુરઆન શરીફ માં ન હોય.

(૩) ઇબ્ને અબૂલ ફઝલ થી વર્ણન છે કે તેઓ એ કહ્યું કે અવ્વલીન અને આખેરીન ના (આગલા અને પાછલા) તમામ ઇલ્મો (જ્ઞાનો) કુરઆન શરીફ માં મૌજૂદ છે. (હવાલા માટે જુઓ :- તફસીરે ખઝાઇનુલ ઇરફાન પેઇજ નં. ૪૯૮)

ઉપરોક્ત આયત ના અનુસંધાને ઘણું લખી શકાય તેમ છે. વિસ્તૃત છણાવટ ન કરતાં સંક્ષિપ્ત માં ફક્ત એટલું જ કહેવાનું કે :-

- કુરઆન શરીફ માં દરેક વસ્તુ નું વર્ણન છે.
- કુરઆન શરીફ મુસ્લિમો માટે હિદાયત છે.
- કુરઆન શરીફ મુસ્લિમો માટે રહેમત છે.
- કુરઆન શરીફ મુસ્લિમો માટે ખુશખબરી છે.

તો જ્યારે કુરઆન શરીફ માં દરેક વસ્તુ નું વિસ્તાર પુર્વક નું વર્ણન મૌજૂદ છે અને કુરઆન શરીફ મુસ્લિમો માટે હિદાયત, રહેમત અને ખુશ-ખબરી છે, તો નિઃશંક કુરઆન શરીફ ની હિદાયત અને માર્ગદર્શન દ્વારા દરેક વસ્તુની જાણકારી મેળવી શકાય છે. તેવી જાણકારી મેળવવા માં કુરઆન ની રહેમત (Mency/ દયા) અવશ્ય સંગાથે રહેશે અને દરેક વસ્તુ ની જાણકારી ના સંશોધન માં સફળતાની ખુશખબરી (Glad Tiding/ આનંદ ના સમાચાર) અવશ્ય પ્રાપ્ત થશે.

વિશેષ માં એક ની બાબત એ કે કુરઆને મજીદ



www.markazahlesunnat.com



સર્વે જીવો માં સર્વોચ્ચ માનવ જીવો ની હિદાયત માટે નાઝિલ થયું છે. તો તેમાં તે દરેક વસ્તુઓનો ઉલ્લેખ હોવું અનિવાર્ય છે, જેનો સીધો કે આડકતરો સબંધ માનવસૃષ્ટિ સાથે છે. અને તેવી વસ્તુઓ માનવ જીવન સાથે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સબંધ ધરાવે છે.

કુરઆન શરીફ માં વિશ્વની દરેક વસ્તુ નું વર્ણન હોવા અંગેનો ઉલ્લેખ અનેક આયતો માં છે. જે બધી આયતો અહીં રજૂ કરવી શક્ય ન હોય, વાંચક મિત્રો ની સેવા માં અત્રે ત્રણ (૩) આયતો રજૂ કરૂ છું. જેના વાંચન અને મનન દ્વારા એ વાત પુરવાર થશે કે નિઃશંક અલ્લાહ ની મુકદ્દસ કિતાબ કુરઆન શરીફ માં સૃષ્ટિ ની દરેક વસ્તુ નું વર્ણન કરી દેવામાં આવ્યું છે.

✪ <u>કુરઆન શરીફ માં છે કે :-</u>

“وَمَا فَرَّطْنَا فِي الْكِتَابِ مِن شَيْءٍ”

<u>લિપિયાંતર</u> :- “વમા-ફર્રતના-ફિલ-કિતાબે-મિન-શયઇન”

<u>હવાલો</u> :- પારા નં. ૭, સૂરએ અન્આમ, આયત નં.૩૮

<u>ઉર્દૂ અનુવાદ</u> :- “हम ने ईस किताब में कुछ उठा न रखा” (કન્ઝુલ ઈમાન)

<u>ગુજરાતી અનુવાદ</u> :- “અમો એ આ કિતાબ લખવા માં કોઈ વસ્તુ ને છોડી નથી”

<u>તફસીર</u> :- “એટલે કે “મા-કાના-વમા-યકૂન” (જે કંઈ પણ થઈ ચુક્યું છે અને જે કંઈ પણ થવાનું છે) તે સમગ્ર બાબતો અને સમગ્ર ઇલ્મો (જ્ઞાનો) નું બયાન આ કિતાબ માં છે અને તમામ વસ્તુઓ નું ઇલ્મ

તેમાં મૌજૂદ છે." (હવાલા માટે જુઓ :-
તફસીરે ખઝાઇનુલ ઇરફાન પેઇજ નં. ૨૩૭)

આ આયત દ્વારા એ વાત પુરવાર થઈ કે કુરઆને મજીદ માં તમામ વસ્તુઓ નું વર્ણન છે.

✪ અન્ય એક આયત રજૂ છે :-

" وَتَفْصِيْلَ كُلِّ شَيْءٍ وَّهُدًى وَّرَحْمَةً لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ "

લિપિયાંતર :- "વ-તફસીલા-કુલ્લે-શયઇંવ-વ-હુદંવ-વ-રહમતલ-લે-કવમિંય-યુઅ્મેનૂના"

હવાલો :- પારા નં. ૧૩, સૂરએ યૂસુફ, આયત નં.૧૧૧

ઉર્દૂ અનુવાદ :- "ઔર હર ચીઝ કા મુફસ્સલ બયાન ઔર મુસલમાનોં કે લિયે હિદાયત ઔર રહમત"(કન્ઝુલ ઈમાન)

ગુજરાતી અનુવાદ :- "અને દરેક વસ્તુ વિગતવાર (સવિસ્તર/ Detailed) વર્ણન અને મુસ્લિમો માટે હિદાયત અને રહમત"

✪ એક આયતે કુરઆન માં તો ત્યાં સુધી ઇરશાદ છે કેઃ-

" وَلَا حَبَّةٍ فِيْ ظُلُمَاتِ الْاَرْضِ وَلَا رَطْبٍ وَّلَا يَابِسٍ اِلَّا فِيْ كِتَابٍ مُّبِيْنٍ "

લિપિયાંતર :- "વલા-હબ્બતિન-ફી-ઝુલુમાતિલ-અર્દે-વલા-રત્બીંવ-વલા-યાબેસિન-ઇલ્લા-ફી-કિતાબિમ-મુબીન"

હવાલો :- પારા નં. ૭, સૂરએ અન્આમ, આયત નં.૫૯

ઉર્દૂ અનુવાદ :- "ઔર કોઈ દાના નહીં ઝમીન કી અંધેરિયોં મેં ઔર કોઈ તર ઔર



www.markazahlesunnat.com



ન ખુશ્ક, જો એક રોશન કિતાબ મેં ન લિખ્ખા હો."(કન્ઝુલ ઈમાન)

ગુજરાતી અનુવાદ :- "અને કોઈ દાણો એવો નથી જે ધરતી ના અંધકાર માં હોય અને કોઈ ભીનું અને સુકું એવું નથી, જે એક રોશન કિતાબ માં લખેલું ન હોય."

સૃષ્ટિમાં અસંખ્ય જીવો, પદાર્થો અને અન્ય વસ્તુઓ અસ્તિત્વ ધરાવે છે. જેમકે ધરતી, આકાશ, સમુદ્રો, પહાડો, નદીઓ, જંગલો, પ્રાણીઓ, માનવીઓ, પથ્થરો, ઝવેરાતો, વૃક્ષો, ઝરણાઓ, શહેરો, ગામો, સંપતિ, સામગ્રી, ફળ- ફળાદી, અનાજ, મશીનરી, સાધનો, વાહનો, ખાદ્ય પદાર્થો, વિગેરે વિગેરે નું અસ્તિત્વ છે. તે બધા ઉપરોક્ત બન્ને પ્રકાર એટલે કે ભીના (Wet) અને સુકા (Dry) માં થી ગમે તે એક પ્રકાર માં સમાવિશ્ટ થઈ જશે. ઉપરોક્ત બન્ને પ્રકાર સિવાય નો ત્રીજો કોઈ પ્રકાર નથી. ટૂંક માં ફક્ત એટલું કે આકાશ થી લઈને પાતાળ સુધી ની દરેક વસ્તુ અને જીવ, સુકી છે અથવા ભીની છે. તે બધા નું વ્યક્તિગત ઉલ્લેખ ન કરવાને બદલે "દરેક ભીનું અને સુકું" ફક્ત એટલું જ વર્ણન કરીને સૃષ્ટિના રજે રજ અને કણે કણ નું વર્ણન કરી દીધું અને એ હકીકત પ્રત્યે વિશ્વાસ પ્રદાન કરી દીધું કે :-

▣ "કુરઆન શરીફ માં દરેક વસ્તુ નું વર્ણન અને તે વસ્તુ ની અસલીયત મૌજૂદ છે."

અલ્લામા, ઇમામે જલીલ, હઝરત જલાલુદ્દીન અબ્દુર્રહમાન બિન કમાલ સુયૂતી (વફાત સ.હિ. ૯૧૧) રહેમતુલ્લાહે તઆલા અલૈહે ફરમાવે છે કેઃ-

"મા-મિન-શયઇન-ઇલ્લા-યુમ્કેનો-ઇસ્તિખરાજહૂ-મિનલ-કુરઆને-લે-મન-ફહ્‌મહુલ્લાહો"

(હવાલો :- "અલ-ઇત્કાન-બે-અન્વાએ-ફી-ઉલૂમિલ-કુરઆન" ભાગ-૨, પેઇજ નં. ૧૨૬)

**-: અનુવાદ :-**

"સૃષ્ટિ ની કોઈ પણ વસ્તુ એવી નથી જેનું સંશોધન તમો કુરઆન દ્વારા ન કરી શકો, આ સંશોધન અલબત્ત તે લોકો જ કરી શકે છે જેને અલ્લાહ તઆલા એ "ફહેમ" (Comprehension/સર્વગ્રાહીસુઝ) અર્પણ ફરમાવી હોય."

ટૂંક માં ફક્ત એ કે કુરઆને મજીદ માં દરેક વસ્તુ નું વર્ણન છે. તેની જાણકારી તેવા લોકો ને હોય છે, જેઓ કુરઆન ના શિક્ષણ ની ટોચે બિરાજીત છે અને કુરઆન ની એક એક આયત નો ઉંડાણપુર્વક અભ્યાસ કરી, તેના ઉપર ચિંતન અને મનન કરીને, સંશોધન કરે છે. તેવા મહાન સંશોધકો કે જેઓ ની બુઝુર્ગી અને ઇલ્મી લાયકાત નો મિલ્લતે ઇસ્લામિયા એ સર્વમતે સ્વીકાર કર્યો છે, તે પૈકી ના અમુક બુઝુર્ગો ના મુબારક ઇર્શાદો અહીં રજૂ છે.

## ✪ દરેક સવાલ નો કુરઆન થી જવાબ :-

ઇમામે ઝી-શાન, હઝરત અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ ઇદ્રીસ બિન અબ્બાસ કે જેઓ "ઇમામ-શાફઈ" ના નામ થી મશહૂર છે, તેઓ ફરમાવે છે કે :-

"સલ્લૂની-અમ્મા-શિઅ્‌તુમ-અખ્બોરોકુમ-અન્હો-ફીલ-કિતાબિલ્લાહે"

(હવાલો :- અલ-ઇત્કાન,ભાગ-૨, પેઇજ નં. ૧૨૬)



www.markazahlesunnat.com



**-: અનુવાદ :-**

"તમો જે વસ્તુ વિશે ચાહો, તે વસ્તુ અંગે મારા થી સવાલ પૂછો, હું તેનો જવાબ કુરઆન થી આપીશ.

## ✪ ઊંટ ની રસ્સી ગુમ થઈ જાય તો ...?

મશહૂર સહાબી-એ-રસૂલ, હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ રદીઅલ્લાહો તઆલા અન્હો કે જેઓ કુરઆન ની તફસીર ના ક્ષેત્રે બહુ જ બુલંદ મકામ ધરાવે છે. તેઓ ફરમાવે છે કે :-

"લવ-દાઆ-લી-અકાલો-બાસીરિન-લ-વજદતોહુ-ફી-કિતાબિલ્લાહે"

(હવાલો :- અલ-ઇત્કાન,ભાગ-૨, પેઇજ નં. ૧૨૬)

**-: અનુવાદ :-**

"જો મારા ઊંટ ની રસ્સી (લગામ) પણ ગુમ થઈ જાય, તો તેને હું કુરઆન દ્વારા શોધી કાઢુ છું."

## ✪ મૌલા-એ-કાએનાત, હઝરત સૈયદના અલી મુર્તઝા થી એક યહૂદી નો વિચિત્ર પ્રશ્ન :-

એક વખત એક યહૂદીએ અમીરૂલ મોઅ્‌મેનીન, હઝરત સૈયદના મૌલા અલી રદીઅલ્લાહો તઆલા અન્હો થી કહ્યું કે તમો એવું કહો છો કે કુરઆન માં દરેક બાબતો નું વર્ણન છે. તો શું તમો મારા એક પ્રશ્ન નો ઉત્તર આપશો ? આપે ફરમાવ્યું કે ઇન્શાઅલ્લાહ ! જરૂર તારા પ્રશ્ન નો ઉત્તર હું કુરઆન થી આપીશ.

તે યહૂદીએ સવાલ પુછ્યો કે તમારી દાઢી ના વાળ

એકદમ ઘટ્ટ છે. જ્યારે મારી દાઢી ના વાળ એકદમ આછા-પાતળા છે. તમારો આખો ચહેરો દાઢી થી ઢંકાએલો છે જ્યારે મારા ચહેરા ઉપર ફક્ત નામ ના જ વાળ ઉગેલા છે. શું તમારા ચહેરા ની ઘટ્ટ દાઢી અને મારા ચહેરાની એકદમ આછી પાતળી દાઢી નું વર્ણન કુરઆન માં છે ?

હઝરત સૈયદના મૌલા અલી રદીઅલ્લાહો તઆલા અન્હોએ તે યહૂદી ને જવાબ આપતાં ફરમાવ્યું કે બેશક! કુરઆન માં તારી દાઢી અને મારી દાઢી નું પણ વર્ણન છે. ત્યારબાદ આપે કુરઆન મજીદ ની એક આયત તિલાવત ફરમાવી, જે અહીં રજૂ છે :-

" وَالْبَلَدُ الطَّيِّبُ يَخْرُجُ نَبَاتُهُ بِإِذْنِ رَبِّهٖ وَالَّذِىْ
خَبُثَ لَا يَخْرُجُ إِلَّا نَكِدًا "

<u>લિપિયાંતર</u> :- "વલ-બલદુત્તય્યેબો-યખ્રોજો-નબાતોહુ-બે-ઇઝને-રબ્બેહિ-વલ્લઝી-ખબોષા-લા-યખ્રોજો-ઇલ્લા-નકેદા"

<u>હવાલો</u> :- પારા નં. ૮, સૂરએ એઅ્રાફ, આયત નં.૫૮

<u>ઉર્દૂ અનુવાદ</u> :- "ઔર જો અચ્છી ઝમીન હૈ, ઉસ કા સબ્ઝા અલ્લાહ કે હુક્મ સે નિકલતા હૈ ઔર જો ખરાબ હૈ, ઉસ મેં નહીં નિકલતા, મગર થોડા બ-મુશ્કિલ" (કન્ઝુલ ઈમાન)

<u>ગુજરાતી અનુવાદ</u> :- "અને જે ધરતી ઉત્તમ છે, તેનો ઘાસ (પાક) અલ્લાહ ના હુક્મ થી નિકળે



www.markazahlesunnat.com



(ઉગે) છે અને જે ઝમીન ખરાબ છે, તેમાં કષ્ટ સાથે બહુ જ થોડું ઉગે છે."

આ આયત તિલાવત ફરમાવી ને હઝરત સૈયદના મૌલા અલી રદીઅલ્લાહો તઆલા અન્હો એ તે યહૂદી થી ફરમાવ્યું કે કુરઆન માં સ્પષ્ટ વર્ણન છે કે ફળદ્રુપ ઝમીન માં ખેતી વિપુલ પ્રમાણ માં ઉગી નિકળે છે અને જે ઝમીન ખરાબા વાળી હોય છે, તેમાં ફક્ત નામ પુરતું જ થોડું ઘણું ઉગે છે. અને મારી દાઢી એકદમ ઘટ્ટ છે, તેનું કારણ એ છે કે તે ફળદ્રુપ ઝમીન માં ઉગી છે, જ્યારે તારી આછી પાતળી અને નામ પુરતી જ જે દાઢી છે, તે ખરાબા વાળી ઝમીન માં ઉગી છે.

હઝરત સૈયદના અલી રદીઅલ્લાહો તઆલા અન્હો નો આ દલીલ યુક્ત જવાબ સાંભળી તે યહૂદી દંગ રહી ગયો.

ટૂંક માં ફક્ત એટલું કે કુરઆને મજીદ માં દરેક બાબત નું વર્ણન અને દરેક બાબત ની વાસ્તવિકતા મૌજૂદ છે.

## ▣ <u>દરેક બાબત નું વર્ણન કુરઆન માં છે.</u>

મહાન મુફસ્સિર અલ્લામા ઇબ્ને બુરહાનુદ્દીન રહેમતુલ્લાહે તઆલા અલૈહે ફરમાવે છે કે :-

"મા-મિન-શયઇન-ફ-હુવા-ફિલ-કુરઆને-અવ-ફીહે-અસ્લોહુ"

<u>-: અનુવાદ :-</u>

"સૃષ્ટિ ની કોઈ પણ વસ્તુ એવી નથી કે જેનું વર્ણન કુરઆન શરીફ માં મૌજૂદ ન હોય અથવા તેની અસ્લિયત નું વર્ણન તેમાં ન હોય"

(હવાલો :- અલ-ઇત્કાન,ભાગ-૨, પેઇજ નં. ૧૨૬)

## કુરઆન માં દરેક વસ્તુ નું વર્ણન છે, તેની જાણકારી કોને છે ?

એ હકીકત સૂર્ય કરતાં પણ વધુ પ્રકાશિત છે કે કુરઆને મજીદ માં દરેક વસ્તુ નું વર્ણન સ્પષ્ટ રીતે અથવા સંક્ષિપ્ત રૂપે અથવા સુચક રૂપે મૌજૂદ છે. પણ દરેક વ્યક્તિ કુરઆન થી તેની માહિતી ગ્રહણ નથી કરી શકતો. તેવી લાયકાત દરેક વ્યક્તિ માં નથી હોતી. અલબત્ત.... અલ્લાહ તઆલા જેને "નૂરે બશીરત" અને દીર્ઘ દ્રષ્ટિ અર્પણ ફરમાવે છે, તેની સામે થી અજ્ઞાનતા ના પડદા હટાવી લેવા માં આવે છે, અને તેને ભીતર નું પણ જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે, તેવી વ્યક્તિ કુરઆને મજીદ ને માર્ગદર્શક બનાવી, કુરઆન ની આયતો માં ઊંડુ ચિંતન અને મનન કરીને, હદીષે પાક ની રોશની અને હિદાયત ના સહારે સંશોધન કરીને દરેક વસ્તુની જાણકારી નું ઇલ્મ કુરઆન દ્વારા મેળવી શકે છે.

મહાન આલિમ અને ભવ્ય ઇમામ હઝરત અલ્લામા જલાલુદ્દીન સુયૂતી રહેમતુલ્લાહે તઆલા અલૈહે આ અંગે ફરમાવે છે કે :-

"મા-મિન-શયઇન-ઇલ્લા-લ-યુમ્કેનો-
ઇસ્તેખરાજોહૂ-મિનલ-કુરઆને-લે-
મન-ફહમહુલ્લાહો-તઆલા"

-: અનુવાદ :-

"વિશ્વ ની કોઈ પણ વસ્તુ એવી નથી જેનું સંશોધન અને વર્ણન તમો કુરઆન દ્વારા ન કરી શકો, પણ આ



www.markazahlesunnat.com



લાયકાત તેવી વ્યક્તિઓ માં જ હોય છે જેને અલ્લાહ તઆલા કુરઆન અંગે ની વિશિષ્ટ સાચી સમજ (ઇલ્મે લદુન્ની) અર્પણ ફરમાવે છે."

(હવાલો :- અલ-ઇત્કાન,ભાગ-૨, પેઇજ નં. ૧૨૬)

પુરવાર થયું કે અલ્લાહ તઆલા ની અર્પણ કરેલી નેઅ્મત "ઇલ્મે લદુન્ની" દ્વારા કુરઆન મજીદ ની સાચી જાણકારી અને સમજ ધરાવનારાઓ દરેક વસ્તુ નું વર્ણન કુરઆન દ્વારા સાબિત કરી આપવાની ક્ષમતા અને લાયકાત ધરાવે છે.

### ◙ સમગ્ર જ્ઞાન કુરઆન દ્વારા મેળવી શકાય છે.

કુરઆને મજીદ ની સાચી જાણકારી સહાબા-એ-કિરામ રદીઅલ્લાહો તઆલા અન્હો એ હુઝૂરે અકદસ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ પાસે થી મેળવેલી. સહાબા-એ-કિરામ ની મુકદ્દસ જમાઅત પૈકી ના અમુક સહાબા-એ-કિરામ "કુરઆન ફેહમી" (કુરઆન ની સમજ) ના ક્ષેત્રે ટોચના શિખરે બિરાજીત હતા. તેઓની આવી ઇલ્મી લાયકાત અને કુરઆન ફહમી ની વિશિષ્ટતા જોઈને આકા-એ-દો જહાં, રહમતે આલમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ એટલા બધા ખુશ થતાં કે તેઓને ખાસ દુઆઓ થી નવાઝતા, ઇલ્કાબો દ્વારા સન્માનિત કરતા અને તેઓની ઇલ્મી લાયકાત ની તા'રીફ ફરમાવી અન્ય સહાબા ને તેઓ પાસે કુરઆન નું શિક્ષણ મેળવવા માટે ની ભલામણ કરીને પ્રેરણા આપતા. કુરઆન ફહમી ના ક્ષેત્રે નામના કાઢનાર અમુક સહાબા-એ-કિરામ પૈકી હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને

મસઊદ રદીઅલ્લાહો તઆલા અન્હો મોખરા નું સ્થાન ધરાવે છે. હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને મસઊદ રદીઅલ્લાહો તઆલા અન્હો વિષે સરકારે દો આલમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમે અનેક વખત તા'રીફ ના જુમ્લા (વાક્યો) ઇરશાદ ફરમાવ્યા છે. જે બધા અહીં રજૂ કરવા શક્ય ન હોય ફક્ત બે (૨) હદીષ શરીફ અત્રે રજૂ છે.

**હદીષ શરીફ**

સહીહ બુખારી શરીફ અને સહીહ મુસ્લિમ શરીફ માં હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર રદીઅલ્લાહો તઆલા અન્હો થી રિવાયત છે કે હુઝૂરે અકદસ, રહમતે આલમ, સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ ઇરશાદ ફરમાવે છે કે :-

**"ઇસ્તકરઉલ-કુરઆના-મિન-અબ્દુલ્લાહ-ઇબ્ને-મસઊદ"**

**-: અનુવાદ :-**

"અબ્દુલ્લાહ ઇબ્ને મસઊદ થી કુરઆન પઢો (શીખો)"

**હદીષ શરીફ**

જામેઅ તિર્મિઝી શરીફ માં આ શબ્દો થી રિવાયત કરવામાં આવી છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ ઇરશાદ ફરમાવે છે કે :-

**"મા-હદદષકુમ-ઇબ્નો-મસઊદ-ફ-સદ્દેકૂહો"**

**-: અનુવાદ :-**

"જે વાત તમોને અબ્દુલ્લાહ ઇબ્ને મસઊદ કહે તેનું સમર્થન કરો"



www.markazahlesunnat.com

આવા જલીલુલ કદ્ર સહાબી-એ-રસૂલ હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને મસઊદ રદીઅલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે :-

**"મન-અરાદલ-ઇલ્મા-ફ-અલૈહિમ-કુરઆનો-ફ-ઇન્ના-ફીહે-ખયરૂલ-અવ્વલીના-વલ-આખેરીના"**

**-: અનુવાદ :-**

"જે શખ્સ ઇલ્મ (જ્ઞાન) પ્રાપ્ત કરવા ઇચ્છે છે, તેના માટે જરૂરી છે કે તે કુરઆન નો દામન થામે, કેમકે કુરઆન માં આરંભ થી અંત સુધી ની ભલાઈ (દરેક જ્ઞાન નું વર્ણન) મૌજૂદ છે."

ટૂંક માં ફક્ત એટલું કે અલ્લાહ તબારક વ તઆલા ની મુકદ્દસ કિતાબ "કુરઆને મજીદ" આપણી વચ્ચે મૌજૂદ છે. તે પવિત્ર કિતાબ માં દરેક પ્રશ્ન નો ઉકેલ અને હલ છે. જે લોકોએ કુરઆને મજીદ માં ઉંડાણપુર્વક નું ચિંતન, મનન અને સંશોધન કર્યું અને કુરઆન ને પોતાના સાચા માર્ગદર્શક તરીકે અપનાવ્યો, તેઓ એ પોતાના જીવન ના દરેક પ્રશ્ન નો સચોટ ઉકેલ મેળવ્યો છે. દરેક યુગ ના આવા લોકોએ સમય ના પલ્ટાતા પ્રવાહ ના કારણે ઉપસ્થિત થતાં પ્રશ્નો કુરઆન દ્વારા હલ કરી દીધા. બલ્કે કુરઆને મજીદ ની સાચી તાલીમ ના પ્રકાશિત અજવાળા માં નૂતન યુગ ની વિવિધ આધૂનિક શોધો કરીને વિશ્વમાં એક

ક્રાંતિ ખડી કરી દીધી. કુરઆન ના માર્ગદર્શન દ્વારા કરવામાં આવેલી અવનવી શોધો એ સંશોધન ના ક્ષેત્રે નવા દ્વારો ખોલી નાખ્યા અને પ્રગતિ ના શિખરો સર કરવાની પ્રેરણા આપી. જેનો સાચો અંદાઝો ભૂતકાળ માં થઈ ગએલા મુસ્લિમ વિજ્ઞાનીકો એ સાધેલી પ્રગતિ અને સર્જેલી ક્રાંતિ દ્વારા આવશે. કુરઆને મજીદ ને માર્ગદર્શક બનાવી ને ભૂતકાળ ના મુસ્લિમ સાઇન્સટીસો (વિજ્ઞાનીકો) એ વિશ્વના ઇતિહાસ માં સાયન્સ ની પ્રગતિ, અવનવી શોધો અને અન્ય પ્રદાનો દ્વારા સોનેરી પૃષ્ઠો નો ઉમેરો કરેલ છે.

કુરઆને મજીદ દ્વારા સંશોધન કરનારા મહાન મુસ્લિમ વિજ્ઞાનીકોએ કુરઆને મજીદ ને માર્ગદર્શક બનાવ્યો છે, તે પણ કુરઆને મજીદ ના હુકમ મુજબ જ કર્યું છે. કેમકે :-

✪ **અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે કે :-**

" كِتَابٌ أَنزَلْنَاهُ إِلَيْكَ مُبَارَكٌ لِّيَدَّبَّرُوا آيَاتِهِ وَلِيَتَذَكَّرَ أُولُوا الْأَلْبَابِ "

લિપિયાંતર :- "કિતાબુન-અન્ઝલનાહો-ઇલયકા-મુબારકુલ-લે-યદ્દબ્બરૂ-અયાતેહિ-વ-લે-યતઝક્કરા-ઉલૂલ-અલ્બાબે"

હવાલો :- પારા નં. ૨૩, સૂરએ સક, આયત નં.૨૯

ઉર્દૂ અનુવાદ :- "યે એક કિતાબ હૈ કિ હમને તુમ્હારી તરફ ઉતારી, બરકત વાલી તાકિ ઇસ



www.markazahlesunnat.com



કી આયતોં કો સોચેં ઔર અક્લમંદ નસીહત માનેં" (કન્ઝુલ ઈમાન)

ગુજરાતી અનુવાદ :- "આ એક કિતાબ છે કે અમોએ તમારી તરફ ઉતારી, બરકત વાળી કે જેથી તેની આયતો માં વિચારે અને અક્કલવાળાઓ નસીહત ગ્રહણ કરે"

આ આયત માં કુરઆને મજીદ ની આયતો માં વિચારવાનું એટલે કે ચિંતન અને મનન કરવાની પ્રેરણા આપવામાં આવી છે, અને કુરઆન ની આયતો દ્વારા નસીહત ગ્રહણ કરવાની શીખ આપવામાં આવી છે.

---

✪ **એક અન્ય આયત માં ઇરશાદ છે કે :-**

" إِنَّ فِي ذَٰلِكَ لَآيَاتٍ لِّقَوْمٍ يَتَفَكَّرُونَ "

લિપિયાંતર :- "ઇન્ના-ફી-ઝાલેકા-લ-આયાતિલ-લે-કવમિંય-યતફક્કરૂના"

હવાલો :- પારા નં. ૧૩, સૂરએ રઅદ, આયત નં.૩

ઉર્દૂ અનુવાદ :- "બેશક ઇસ મેં નિશાનિયાં હૈં ધ્યાન કરને વાલોં કે લિયે" (કન્ઝુલ ઈમાન)

ગુજરાતી અનુવાદ :- "અને તેમાં સંકેત છે, લક્ષ આપનારાઓ માટે"

આ આયત માં એવું ફરમાવવા માં આવ્યું છે કે જો કુરઆને મજીદ ની આયતો પ્રત્યે લક્ષ આપવામાં આવે એટલે કે કુરઆન ની આયતો ના અર્થ, મર્મ, ભેદ, હાર્દ

વિગેરે વિષે ચિંતન અને મનન કરવામાં આવે, તો કુરઆન ની આયતો દ્વારા અનેક જ્ઞાનો પ્રત્યે સંકેત પ્રાપ્ત થશે અને અનેક અણ ઉકેલ બાબતો નો ઉકેલ મળી રહેશે. જો કુરઆન ની આયતો પ્રત્યે બુદ્ધિજીવી વર્ગ ખરા અર્થ માં લક્ષી આપી ને ચિંતન-મનન કરે તો સંશોધન ના શિખરો સરળતા પુર્વક સર કરી સકાશે અને અનેક જ્ઞાનો ના સમુદ્રો હિલોરા મારતા તમારા સુધી આવી પહોંચશે.

કુરઆને મજીદ દરેક યુગ માટે એક સંપૂર્ણ માર્ગ દર્શક અને વિસ્તૃત માહિતી થી સભર કિતાબ છે. કુરઆને મજીદ ને માર્ગદર્શક બનાવીને કરવામાં આવેલી શોધોએ વિશ્વના પ્રખર વિદ્રાનો ને આશ્ચર્યચકિત કરી નાખેલા. થોડા સૈકાઓ પૂર્વે દુનિયાની દરેક પ્રગતિ, શોધ અને સંશોધન ના ક્ષેત્રે મુસ્લિમ વિજ્ઞાનીકોનો જ ડંકો વાગતો હતો. વિશ્વભરમાં મુસ્લિમ વિજ્ઞાનીકો ના જ્ઞાન અને સર્વમાન્ય અને આદર ની દ્રષ્ટિ થી સન્માનિત કરવામાં આવતો હતો. વર્તમાન યુગ માં ગૈરમુસ્લિમ અને પશ્રિમી સંસ્કૃતિ ના લોકો જે આધુનિક શોધો વિષે ગર્વ લે છે, તેમાં ની મોટા ભાગ ની શોધો મુસ્લિમ વિજ્ઞાનીકો એ કરી છે. મુસ્લિમ વિજ્ઞાનીકો એ રાત દિવસ ના ઉજાગરા અને



www.markazahlesunnat.com



અથાગ પરિશ્રમ કરીને વિશ્વને જે અનેરી શોધો ભેટ રૂપે અર્પણ કરી છે, તે સમગ્ર વિશ્વ ઉપર એવો ઉપકાર છે કે જે કદી વિસરી શકાય નહીં. બલ્કે ત્યાં સુધી કહેવામાં પણ કોઈ જાત ની અતિશ્યોક્તિ નથી કે વર્તમાન યુગ માં વ્યાપક સ્વરૂપે જે અદ્યતન અને આધુનિક વિવિધ સામગ્રીઓ ઉપલબ્ધ છે, તે ભૂતકાળ માં થઈ ગએલા મહાન મુસ્લિમ વિજ્ઞાનીકો ની દૈન છે. તેઓના અથાગ અને નિઃસ્વાર્થ પરિશ્રમ ના જ મીઠા ફળ છે.

પણ અફસોસ તે વાત નું છે કે અનેક વિવિધ શોધો કરી, લોકોના જીવન ને સરળ, સુખદ અને આરામદાયી બનાવનારા ભૂતકાળ ના મહાન મુસ્લિમ વિજ્ઞાનીકો ને એક વ્યવસ્થિત ષડયંત્ર હેઠળ અજ્ઞાતવાસ માં ધકેલી દેવાની કુઃચેષ્ટા કરીને ઇતિહાસ ની વાસ્તવિકતા સાથે પણ ચેડા કરવાનું ગંદુ રાજકારણ આંતરરાષ્ટ્રીય સ્તરે ખેલવામાં આવી રહ્યું છે. તે અંગે ની વિસ્તૃત ચર્ચા ન કરતાં ફક્ત સંક્ષિપ્ત માં આ અંગે ની ચર્ચા હવે પછી ના પૃષ્ઠો માં વાંચક મિત્રો ની જાણકારી માટે કરવાનો પ્રયત્ન કરીશ.

# મહાન મુસ્લિમ વિજ્ઞાનીકો ની નામાવલી અને તેઓએ કરેલી શોધો અને સંશોધનો

મહાન ઇસ્લામ ધર્મ ના અનુયાયીઓ માં સેંકડો નહીં બલ્કે હઝારો ની સંખ્યા માં "મુસ્લિમ વિજ્ઞાનીકો" થઈ ગયા છે. જેમણે વિશ્વસ્તરે પ્રસિધ્ધી મેળવેલી અને નામાંકિત બનેલા. તે બધા મુસ્લિમ વિજ્ઞાનીકો ના નામો અહીં રજૂ કરવા શક્ય ન હોય, અમુક એવા વિજ્ઞાનીકો ના નામો અહીં રજૂ કરૂં છું, જેમણે વિશ્વવ્યાપી ખ્યાતિ અને કિર્તિ મેળવેલી.

## ૧ અબૂ ઇસ્હાક ઇબ્રાહીમ ઇબ્ને જુન્દલ

(ઇન્તેકાલ :- હિ.સ. ૧૫૭/ઇ.સ.૭૭૩)

★ ખગોળશાસ્ત્ર માં અનેક સંશોધનો કર્યા.

★ ગ્રહો અને ઉપગ્રહો ના સુક્ષમ નિરક્ષણ માટે Astrolab Telescope એટલે કે અક્ષમાપક દૂરબીન ની શોધ કરી.

## ૨ જાબિર ઇબ્ને હય્યાન

(ઇન્તેકાલ :- હિ.સ. ૧૯૮/ઇ.સ.૮૧૩)

★ રસાયણ શાસ્ત્ર (Chemistry) ક્ષેત્રે વિશ્વના સૌ પ્રથમ વિજ્ઞાની.



www.markazahlesunnat.com



★ ધાતુઓના પરિશોધન (Sublimation) ના શોધક.

★ ધાતુઓની પાસવણી એટલે કે પાસા પાડવાની પધ્ધતિ (Crystalization) ની શોધ કરી.

★ રસાયણ મિશ્રણ (Chemistry Compound) ની પધ્ધતિ ના શોધક.

★ ધાતુઓની ભસ્મ (Oxidisation) તૈયાર કરવાની પધ્ધતિ ની શોધ કરી.

★ તેજાબ (Acid) ની શોધ કરી.

★ રસાયણ શાસ્ત્ર અને ધાતૂ ને લગતા નિયમો માં જડમૂળ થી ફેરફારો કરી નવા નિયમો શોધી કાઢ્યા અને આ વિષય ની અતિ સરળ ભાષા માં સમઝ આપતાં અનેક પુસ્તકો લખીને વિશ્વસ્તર ના સંશોધકો ના માર્ગદર્શક પુરવાર થયા.

## 3 અબ્દુલ મલિક અસ્મઈ

(ઇન્તેકાલ :- હિ.સ. ૨૧૩/ઇ.સ.૮૨૮)

★ પ્રાણી શાસ્ત્ર (Zoology)

★ માનવ પ્રકૃતિ (Human Behaviour)

★ વનસ્પતિ શાસ્ત્ર (Botany)

એ ત્રણ વિષયો ઉપર સૌ પ્રથમ લખવામાં આવેલા કુલ પાંચ (૫) પુસ્તકો ના લેખક અને આ ત્રણ વિષયો અંગે વિશ્વના વિજ્ઞાનીકો ને સંશોધન ક્ષેત્રે નવી દિશા ચીંધી.

## ૪ અતારદ અલ-કાતિબ

(ઇન્તેકાલ :- હિ.સ. ૨૧૪/ઇ.સ.૮૨૯)

★ ખનીજ શાસ્ત્ર (Minerology) ના સર્વે પ્રથમ નિષ્ણાંત.

★ ખનીજ ક્ષેત્રે પાયા નું જ્ઞાન આપતા પુસ્તકો લખીને વિશ્વ વ્યાપી ખ્યાતી મેળવી. તેમણે લખેલા પુસ્તકો ને આજે પણ માન્યતા પ્રાપ્ત છે.

## ૫ હકીમ યાહયા મન્સૂર

(ઇન્તેકાલ :- હિ.સ. ૨૧૪/ઇ.સ.૮૨૯)

★ ચંદ્ર અને અન્ય ગ્રહો વિષે અવનવા સંશોધનો કર્યા અને ખગોળ શાસ્ત્ર ના કોષ્ટકો (Astronomical Tables) તૈયાર કરનાર પ્રથમ ખગોળ શાસ્ત્રી.

★ ખગોળ વિદ્યા (Astronomy) ઉપર સૌ પ્રથમ પુસ્તક લખ્યું.

★ વેધશાળા (Observatory) ક્ષેત્રે વિશ્વ વ્યાપી ખ્યાતી મેળવી.

★ ખલીફા મા'મૂન રશીદ ના શાસનકાળ દરમિયાન (૧) શમ્માસા અને (૨) દમિશ્ક (સિરીયા/મુલ્કે શામ) ખાતે સ્થાપાએલી બે (૨) ભવ્ય વેધશાળા ના મહાનિર્દેશક ના ઉચ્ચ હોદે નિયુક્તિ પામી.



www.markazahlesunnat.com



## ૬ હિજાઝ બિન યૂસુફ મતર

(ઇન્તેકાલ :- હિ.સ. ૨૧૪/ઇ.સ.૮૨૯)

★ મુકદ્દમાતે ઉકલીદસ એટલે કે ભૂમિતી શાસ્ત્ર નો એક પ્રકાર જેને અંગ્રેજી માં (Theories of the Assumption of Euclid) કહેવામાં આવે છે, તેનું સંપાદન કર્યું.

★ પ્રાચીન ગ્રીક ખગોળ શાસ્ત્રી ટોલેમી (Ptolemy) એ લખેલા પુસ્તક "અલ-મેજેસ્ટ" (Almagest) ની સમીક્ષા કરી અને તેના ઉપર નવેસર સંશોધન કરી, સુધારા વધારા કરીને નવા નિયમો ઘડી કાઢ્યા. તેઓ ના પુસ્તકો વિશ્વવિદ્યાલય માં સંદર્ભ ગ્રંથ (Reference Book) તરીકે વીસમી (૨૦) સદી સુધી ઉપયોગ માં લેવા માં આવતા હતા.

## ૭ મુહમ્મદ બિન મૂસા ખવારઝમી

(ઇન્તેકાલ :- હિ.સ. ૨૩૨/ઇ.સ.૮૪૬)

★ ગણિત શાસ્ત્ર (Mathematics) ઉપર "ઇલ્મુલ-હિસાબ" નામ નું દુનિયા નું સર્વે પ્રથમ પુસ્તક લખ્યું.

★ બીજ ગણિત (Algebra) નો પરિચય કરાવતો પુસ્તક "અલ-જબ્ર-વલ-મુકાબલા" નામ ના વિશ્વ ના પ્રથમ પુસ્તક ના લેખક.

★ સમીકરણ વિદ્યા (Equations) ઉપર અનેક પુસ્તકો લખ્યા.

★ હિસાબ વિદ્યા (Accountacy) ના અનેક નવા નિયમો શોધ્યા.

★ ભૂગોળ વિદ્યા (Geography) ના વિષય ઉપર લખેલી અદભૂત કિતાબ "સૂરતુલ-અર્દ" દ્વારા વિશ્વ ભર માં નામાંકિત બન્યા.

★ તેઓની લખેલી અનેક કિતાબોના લેટીન અને ચીની ભાષા માં રૂપાંતરો અને અનૂવાદો થયા.

## ૮ અહમદ બિન મૂસા શાકિર

(ઇન્તેકાલ :- હિ.સ. ૨૪૦/ઇ.સ.૮૫૪)

★ વિશ્વના પ્રથમ યાંત્રિક ઇજનેર (Machenical Engineer).

★ કદ માં નાના અને નાઝુક યંત્રો ની રચના કરી.

★ એન્જીનીયરીંગ ના ક્ષેત્રે વિવિધ અને સુલભ શોધો કરીને એક બહુ ઉપયોગી સર્વ પ્રથમ પુસ્તક લખ્યું.

## ૯ અબૂ તૈયબ સઅદ બિન અલી

(ઇન્તેકાલ :- હિ.સ. ૨૨૪/ઇ.સ.૮૩૮)

★ ધાતુશાસ્ત્ર (Metallurgy) ના વિશ્વ કક્ષા ના નિષ્ણાંત.

★ ધાતુઓ (Metal) અને ખનીજ પદાર્થો (Minerals) ની વિશિષ્ટ ઘનતા (Specific Gravity)



www.markazahlesunnat.com



જાણવા ની રીત શોધી કાઢી, જેના કારણે ધાતુ ઉદ્યોગ અને ખનીજ ઉદ્યોગ માં સુવર્ણ ક્રાંતિ આવી.

## ૧૦ અબૂ અબ્બાસ અહમદ બિન મુહમ્મદ કષીર ફરગીયાની

(ઇન્તેકાલ :- હિ.સ. ૨૪૩/ઇ.સ.૮૫૭)

★ જમીન નો ચોક્કસ ઘેરાવો (Circumference of Earth) શોધી કાઢનાર પ્રથમ વિજ્ઞાની.

★ સૌર ઘડિયાલ (Sun Clock) ની શોધ કરી.

★ ઇલ્મે નુજૂમ અને ઝીજાત (Astronomy) ના પ્રખર જ્ઞાની.

★ તેમણે લખેલ કિતાબ "જામએ-ઇલ્મે-નુજૂમ" ને વિશ્વભર માં ખ્યાતિ મળેલી. આ કિતાબ નું લેટીન, ફ્રાંસ અને જર્મની એક કુલ ત્રણ (૩) ભાષાઓમાં અનુવાદો થયા છે.

## ૧૦ અબૂલ હસન અલી ઇબ્ને સહલ બિન તિબ્રી

(ઇન્તેકાલ :- હિ.સ. ૨૫૧/ઇ.સ.૮૬૫)

★ તબીબી વિશ્વકોશ (Medical Encyclopaedia) ના સંશોધક અને પ્રખર નિષ્ણાંત.

★ નીતિશાસ્ત્ર (Ethice) ના ભવ્ય વિદ્વાન અને સ્વાસ્થય સુરક્ષા (Health Care) ની પધ્ધતિઓ વિકસાવનાર નિષ્ણાંત તબીબ.

★ આબોહવા, ઋતુ, જીવ વિજ્ઞાન અને પ્રજનનવિજ્ઞાન જેવા વિષયો ની વિજ્ઞાનીક છણાવટ કરી અને "હિફ્ઝે સેહત" નામ નું એક અતિ મહત્વ નું પુસ્તક લખ્યું.

## ૧૨ અબૂ જાફર મુહમ્મદ બિન મૂસા શાકિર

(ઇન્તેકાલ :- હિ.સ. ૨૫૩/ઇ.સ.૮૬૭)

★ પ્રખર ખગોળવિંદ, મહાન ગણિત શાસ્ત્રી અને ઉચ્ચ કોટી ના તત્વ મીમાંસક તરીકે વિશ્વભરમાં નામના મેળવી.

★ રસાયણિક ત્રાજવા ની શોધ કરેલી, જેમાં ઓછા માં ઓછી માત્રા ના પદાર્થોનું પણ ચોક્કસ અને સાચું વજન જાણી શકાય. હીરા-ઝવેરાત અને અન્ય મુલ્યવાન ઔષધોના પરફેક્ટ સ્કેલ (ચોક્કસ વજન) જાણવા માટે આજે પણ તેનો વ્યાપક ઉપયોગ થાય છે.

## ૧૩ અબૂ યૂસુફ યાકૂબ બિન ઇસ્હાક કુન્દી

(ઇન્તેકાલ :- હિ.સ. ૨૫૪/ઇ.સ.૮૬૮)

★ પ્રથમ મુસ્લિમ ચિંતક વિજ્ઞાની (Philosopher) જેણે પશ્ચિમ ના દેશ ના વિજ્ઞાનીકો ને ચિંતન વિજ્ઞાન ક્ષેત્રે આશ્ચર્યચકિત કરી દીધા.

★ ઇલ્મે મન્તિક (Logic) અને ઇલ્મે ફલસફા ની વિસ્તૃત છણાવટ ઉપર આધારિત અનેક ઉપયોગી અને માર્ગદર્શક પુસ્તકો લખ્યા.



www.markazahlesunnat.com

## ૧૪ હસન ઇબ્ને મૂસા શાકિર

(ઇન્તેકાલ :- હિ.સ. ૨૫૪/ઇ.સ.૮૬૮)

★ બાંધકામ અને સ્થાપત્ય ની નવી નવી પધ્ધતિઓ અને સ્થાપત્ય કળા ની મોહકતા ને ચાર ચાંદ લગાડી દીધા.

★ ભૂમિતી વિદ્યાના પ્રખર વિદ્વાન.

★ ભૂમિતી (Geometry) ના વિષય ક્ષેત્રે વિભિન્ન સમશ્યાઓના ઉકેલ માટે અનેક શોધો કરી. જેમાં ની એક અદભૂત શોધ લંબગોળ (Elipse) હતી. આ શોધ અગાઉ વિશ્વભર ના વિજ્ઞાનીકો ફક્ત વર્તુળ (Round) ના નિયમો ની જાણકારી સુધી જ સિમિત હતા.

## ૧૫ ષાબિત ઇબ્ને કુર્રા

(ઇન્તેકાલ :- હિ.સ. ૨૭૩/ઇ.સ.૮૮૬)

★ પરંપરાગત ભૂમિતિ (Traditional Grometry) ના પ્રશ્નો ના સરળ ઉકેલો મેળવવા માટે ભોમિતિક બીજગણિત ના નિયમો ઘડવામાં મહત્વનું યોગદાન આપ્યું.

★ બિન યુકલિક ભૂમિતિ (Non Euclid Grometry), વૃતિય ત્રિકોણમિતી (Sphrical Trignometry), ચલરાશિ કલન વિદ્યા (inte-

gral Calculus) અને વાસ્તવિક સંખ્યાઓ (Real Numbers) ના સિદ્ધાંતો પ્રથમ વખત વિશ્વ સમક્ષ રજૂ કર્યા.

★ ગ્રીક (Greek) દેશ ના પ્રખર ગણિત શાસ્ત્રી યુકલિક (Euclid) ના પ્રચલિત સંખ્યાબંધ નિયમોની તાત્વિક અલોચનાઓ કરીને તેમાં મહત્વના સુધારા વધારા સુચવ્યા.

★ ભૌતિક વિજ્ઞાન અને યંત્ર રચના ક્ષેત્રે ગતિ વિહીનતા અને સ્થિરતા (Statics) ના નિયમો ની શોધ કરી.

## ૧૬ મુહમ્મદ બિન જાબિર અલ-બન્નાની

(ઇન્તેકાલ :- હિ.સ. ૩૦૫/ઇ.સ.૯૧૭)

★ વિષુવબિંદુઓ ના સ્પંદન (Trepidation of Equinoxes) ના નિયમોને ખોટા ઠરાવ્યા અને સ્પંદન (ધ્રુજારી) તથા સ્ફુરણ (સ્ફૂર્તિ) ક્ષેત્રે મહત્વના નવા નિયમો શોધી કાઢ્યા.

★ સંખ્યાબંધ ખગોળીય કોષ્ટકો (Astronomical Tabls) શોધી કાઢ્યા.

★ ત્રિકોણમિતી (Trignometry) ના ક્ષેત્રે અનેક શોધો કરી.

★ ખૂણાઓ ની જયા (Sines) ને લગતા સચોટ કોષ્ટકો તૈયાર કર્યા અને આ અંગે ના મહત્વના સંશોધનો કર્યા.

★ ખૂણાઓ ની સહસ્પર્શ જ્યાઓ (Cotangent)



www.markazahlesunnat.com



ના કોષ્ટકો (Tables) સૌ પ્રથમ તૈયાર કરીને વિશ્વ સમક્ષ મુક્યા.

## ૧૭ અબૂબકર મુહમ્મદ ઝકરિયા રાઝી

(ઇન્તેકાલ :- હિ.સ. ૩૦૮/ઇ.સ.૯૨૦)

★ તબીબ વિજ્ઞાન ના પ્રખર વિદ્વાન અને નિષ્ણાંત.

★ આલ્કોહોલ (Alcohole) ની શોધ કરનાર પ્રથમ વિજ્ઞાની.

★ ઓરી (Measles) અને અછબડા (Chiken Pox) નામ ના ચેપી રોગ વિષે ઊંડું સંશોધન કરી ને તે રોગ થવાના કારણો શોધી કાઢ્યા અને આ રોગ ના લક્ષણો અને ઉપચાર અંગે નું વિશ્વનું સર્વ પ્રથમ પુસ્તક સંપાદન કર્યું.

★ શસ્ત્રક્રિયા (Oparetion) માં ઉપયોગ માં આવતા (Seton) નામ ના સાધન ની શોધ કરી.

★ ઔષધષશાસ્ત્ર (Pharmacology) ક્ષેત્રે અનેક શોધો કરી અને અનેક માર્ગદર્શનો સુચવ્યા.

## ૧૮ હકીમ અબૂ નસ્ર મુહમ્મદ ઇબ્ને ફારાબી

(ઇન્તેકાલ :- હિ.સ. ૩૩૮/ઇ.સ.૯૪૯)

★ નિતીશાસ્ત્ર (Ethics) ની પ્રારંભિક શોધ કરી અને તે અંગે ના મહત્વના નિયમો ઘડી કાઢ્યા.

★ મનો વિજ્ઞાન (Psychology) ના ક્ષેત્રે મહાન વિદ્વાન તરીકે વિશ્વભરમાં ખ્યાતિ મેળવી.

## ૧૯ અબૂ મન્સૂર મૂવફ્ફિક બિન અલી હર્વી

(ઇન્તેકાલ :- હિ.સ. ૩૪૦/ઇ.સ.૯૫૧)

★ ઔષધીય તત્વોના ગુણો અને પ્રભાવો ની જાણકારી માં વિશ્વ ક્ષેત્રે અદ્વિતીય તબીબ વિજ્ઞાની.

★ સેન્દ્રિય રસાયણ શાસ્ત્ર (Organic Chemistry) ક્ષેત્રે અનેક પ્રકાર ના સંશોધન કર્યા અને ઔષધોને જૈવિક (Organic) અને અજૈવિક (inorganic) એમ બે (૨) વિભાગ માં વર્ગીકરણ કર્યા અને કુલ પાંચ સો પંચાસી (૫૮૫) ઔષધી તત્વોના નામો, તેની ઓળખ, પ્રકૃતિ અને પ્રભાવ ની વિસ્તૃત જાણકારી પ્રદાન કરતું "હકાઇકુલ-અદવિયહ" નામ નું અદભૂત અને અતિ ઉપયોગી પુસ્તક લખ્યું.

★ વિવિધ ખનીજ પદાર્થોના ઔષધી ગુણો સૌ પ્રથમ શોધી કાઢ્યા અને તેના સદગુણો અને લાભો વર્ણવ્યા.

★ જડીબૂટીઓ ઉપર ઊંડુ સંશોધન અને પ્રયોગો કરીને ઔષધવિદ્યા ક્ષેત્રે મહત્વપૂર્ણ માહિતી પ્રદાન કરી.

★ વનસ્પતિ વિજ્ઞાન (Botany) અને રસાયણશાસ્ત્ર (Chemistry) ક્ષેત્રે અનેક સંશોધન કર્યા.

★ સોડીયમ કાર્બોનેટ, પોટેશિમ કાર્બોનેટ, એન્ટીમોની ઓકસાઇડ અને સીલેસેલિક ઓકસાઇડ જેવા અનેક રસાયણ ની ખાસિયતો, અસરો અને ઔષધીય ગુણો શોધી કાઢ્યા.



www.markazahlesunnat.com



★ તાંબૂ (Copper) અને સીસું (Lead) ના સંયોજનો ઝેરી (Poisonous) હોવાની શોધ કરનાર પ્રથમ રસાયણ શાસ્ત્રી.

★ અસ્થિભંગ (Fracture) ના કિસ્સાઓ માં પ્લાસ્ટર ઓફ પેરિસ ના ઉપયોગ ની રીત અને તેના લાભો ની વિગતો ની પોતાના પુસ્તક માં સૌ પ્રથમ છણાવટ કરી.

## ૨૦ અહમદ ઇબ્ને મુહમ્મદ અલી મસ્કૂયા

(ઇન્તેકાલ :- હિ.સ. ૪૨૧/ઇ.સ.૧૦૩૦)

★ સમાજવિદ્યા (Sociology) તથા નૈતિક શાસ્ત્ર (Moral Science) ના મહાન સંશોધક.

★ વનસ્પતિ માં જીવ હોવાની શોધ કરનાર પ્રથમ વનસ્પતિ શાસ્ત્રી.

★ પ્રાણીઓ માં જ્ઞાનેન્દ્રિય શક્તિ અને બુધ્ધિ વિકાસ ક્રિયા અંગેની માહિતી સભર વિસ્તૃત છણાવટ કરી.

## ૨૧ શૈખ હુસૈન બિન અબ્દુલ્લાહ બિન અલી સીના

(ઇન્તેકાલ :- હિ.સ. ૪૨૮/ઇ.સ.૧૦૩૬)

★ પ્રકૃતિ વિદ્યા (Temprament Physics), નિતીશાસ્ત્ર (Ethics), ઔષધવિદ્યા (Pharmacy), તબીબ વિદ્યા (Medical Science), ગણિત શાસ્ત્ર (Mathemetic), તર્કશાસ્ત્ર

(Logic) અને તેના જેવા અન્ય વિષયો ઉપર એક સો (૧૦૦) થી વધુ ગ્રંથો લખીને વિશ્વના પ્રખર વિદ્વાનો, મહાનુભાવો અને વિજ્ઞાનીઓ પૈકીનો સૌથી વધુ પુસ્તકો લખનાર મહાન વિદ્વાન લેખક.

## ૨૨ અબૂ અલી હસન ઇબ્ને હશીમ

(ઇન્તેકાલ :- હિ.સ. ૪૩૦/ઇ.સ.૧૦૩૮)

★ પ્રકાશ વિદ્યા (Light) તથા પ્રકાશ પ્રસારણ ક્રિયા ની જાણકારી ના ક્ષેત્રે ટોચ ઉપર બિરાજમાન વિજ્ઞાની.

★ આંખ ની કીકી ની રચના નો ઊંડો અભ્યાસી.

★ કેમેરા (Camera) ની સૌ પ્રથમ શોધ કરી.

## ૨૩ હઝરત ઇમામ મુહમ્મદ ઇબ્ને મુહમ્મદ તૂસી ગઝાલી

(ઇન્તેકાલ :- હિ.સ. ૫૦૫/ઇ.સ.૧૧૧૧)

★ આધૂનિક ફિલોસોફી (Modern Philosophy) ના સૌજન્ય થી નૈતિક વિજ્ઞાન (Ethics) ના નિયમોના ઘડવૈયા તથા મનોવિજ્ઞાન અને પુરાત્વ ફિલોસોફી ના ક્ષેત્રે વિશ્વના અજોડ સંશોધક.

★ આત્મ તત્વજ્ઞાન (Theology) એટલે કે 'તસવ્વુફ' ના વિષય ઉપર અનેક અજોડ પુસ્તકો ના લેખક.



www.markazahlesunnat.com



★ અણુ શક્તિ (Attomy Energy) વિભાજીત થઇ શકે છે તે વિષય ઉપર સૌપ્રથમ સંશોધન કર્યું.

## ૨૪ મુહમ્મદ અબૂબક્ર બિન યાહ્યા બાજહ ઉન્દલુસી

(ઇન્તેકાલ :- હિ.સ. ૫૩૩/ઇ.સ.૧૧૩૮)

★ તાત્વિક વિદ્યાઓ (Philosphical Sicence) માં વિશ્વસ્તરે નામના મેળવી.

★ તર્ક શાસ્ત્ર (Logic) વિષયક અનેક પુસ્તકો લખ્યા.

★ સંગીત શાસ્ત્ર માં નિપૂર્ણ અને વિખ્યાત વિદ્રાન.

★ ચિકિત્સા શાસ્ત્ર (Medical Science) માં અમૂલ્ય ચાર (૪) પુસ્તકો લખીને તબીબ વિજ્ઞાન ક્ષેત્રે મહત્વનું અનેરૂં યોગદાન આપ્યું.

## ૨૫ અબૂ રૈહાન મુહમ્મદ બિન અહમદ અલ-બૈરૂની

(ઇન્તેકાલ :- હિ.સ. ૫૩૯/ઇ.સ.૧૧૪૪)

★ ભૂગોળ વિદ્યા (Geography) ના જ્ઞાન નો નિષ્ણાંત અને ભૂગોળ વિજ્ઞાન માં અનેક નવી પધ્ધતિઓ અને નિયમો ઘડી કાઢ્યા અને વિકસાવ્યા.

★ પ્રકૃતિ વિદ્યા (Temprament) અને ભૂસ્તર

શાસ્ત્ર (Geology) ની વિસ્તૃત માહિતી પ્રદાન કરનાર એશિયા ખંડ નો પ્રથમ ઇતિહાસ વેતા અને પ્રવાસી.

★ ધાતુઓ (Metals) ની ધનતા ની માહિતી અને તે અંગે ના નિયમો ઘડી કાઢનાર પ્રથમ વિજ્ઞાની.

---

આવા તે સેંકડો નહીં બલ્કે હજારો ની સંખ્યા માં મુસ્લિમ વિજ્ઞાનીઓ “ઇસ્લામી જગત” નું વિશ્વ માં નામ રોશન કરી ગયા છે જે બધાં વિજ્ઞાનીઓ નું વર્ણન અહીં શક્ય ન હોય, ફક્ત પચ્ચીસ (૨૫) મહાન મુસ્લિમ વિજ્ઞાનીઓની પ્રમાણિત નામાવલી રજૂ કરી છે. આશા છે કે વાંચકોને એ વાત ની પ્રતીતિ થઈ ગઈ હશે કે મુસ્લિમ વિજ્ઞાનીકોએ વિશ્વ ને અમુલ્ય શોધો ની ભેટ આપી છે અને વિશ્વ ના ઇતિહાસ માં તેઓના નામો સુવર્ણ અક્ષરો દ્વારા અંકિત થએલા છે. ભૂતકાળ નો ઇસ્લામી સોનેરી યુગ એટલો બધો પુર્ણ પ્રકાશિત છે કે ભલભલા ની આંખોં પણ અંજાઈ જાય. આ બધું કુરઆને મજીદ ની આસ્થા, સન્માન, અને ચિંતન ની ફળશ્રૃતિ છે. કુરઆને મજીદ માં હિલોળા લઈ રહેલા ઇલ્મો-ઇરફાન ના મહા સમુદ્ર માં મરજીવા રૂપે ડુબકીઓ મારીને મહાન મુસ્લિમ વિજ્ઞાનીઓ એ અમુલ્ય રત્નો રૂપી શોધો કરીને સમગ્ર વિશ્વ ઉપર મુસ્લિમ સંપ્રદાય ના જ્ઞાન નું જે વર્ચસ્વ સ્થાપિત કરેલું તે એક એવી સચોટ અને નક્કર હકીકત છે કે જેનો કદાપી ઇન્કાર થઈ શકે તેમ નથી.

**પણ...... અફસોસ...... કે... ???**



www.markazahlesunnat.com



# વર્તમાન યુગ માં મુસ્લિમો સંશોધન ના ક્ષેત્રે પછાત શા માટે છે ?

મુસ્લિમ સંપ્રદાય જ્યાં સુધી કુરઆને મજીદ ની આયતોમાં ચિંતન અને મનન કરતો રહ્યો અને દરેક બાબત માં કુરઆને મજીદ ને માર્ગદર્શક બનાવી સંશોધન ક્ષેત્રે કાર્યરત રહ્યો, ત્યાં સુધી સમગ્ર જગત ઉપર પ્રભુત્વ સ્થાપિત રહ્યું. પણ જ્યાર થી મુસ્લિમોએ કુરઆને મજીદ ને પોતાના સીના (દિલ) માં રાખવાના બદલે ‘શો કેસ’ અને ‘કબાટ’ ની શોભા બનાવી દીધી છે, ત્યારથી તેના શૈક્ષણિક, સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક, સંસ્કારિક, સાંસ્કૃતિક અને કળા-કૌશલ્ય ના પતન ની શરૂઆત થઈ છે. એક સમય એવો હતો કે મુસ્લિમો દરેક ક્ષેત્રે નામાંકિત હતા. પણ કુરઆને મજીદ થી દૂર થઈ જવાના કારણે “નામાંકિતો” ની સંખ્યામાં ધરખમ ઘટાડો થતો ગયો અને “નામચીનો” ની સંખ્યા દિન પ્રતિદિન વધતી ગઈ. જે કોમ પ્રગતિના સોપાનો સર કરીને સફળતાની ટોચ ઉપર હતી, તે હવે પછાતપણાના ખાડા માં નિષ્ફળતા ની ધૂળ માં આળોટી રહી છે.

પશ્ચિમી સાંસ્કૃતિ અને આધૂનિકતા ના ઝેરી પવન ની અસર હેઠળ તેઓ એવા ભ્રમ માં રાચવા લાગ્યા કે પ્રગતિના સોપાનો સર કરવા માટે કુરઆન ની તાલીમ થી હટીને પશ્ચિમી શિક્ષણ મેળવવું જરૂરી છે. કેમકે હવે આપણે આધુનિક યુગમાં જીવી રહ્યા છીએ. કુરઆન નું શિક્ષણ તો ફક્ત ઇસ્લામ ધર્મ ના નિયમો ના પાલન અને જાણકારી માટે છે અને તે કામ મુલ્લા-મોલ્વીઓનું છે. આપણે તો ‘મોર્ડન ટેક્નોલોજી’ અને તેને સુસુંગત જાણકારી પ્રત્યે આકર્ષણ રાખીએ છીએ. આજે બદલાતા સમયના પ્રવાહ ની માંગ પણ એ જ છે પણ .......

હકીકત એ છે કે આવી ભ્રમિક માન્યતા હળાહળ ભૂલ ભરેલી અને ગેરસમજ ઉપર જ આધારિત છે. કુરઆન નું શિક્ષણ અને કુરઆન નું જ્ઞાન ભંડાર ફક્ત ભૂતકાળ માટે જ નહોતું બલ્કે વર્તમાનકાળ અને ભવિષ્યકાળમાં પણ કુરઆન નું ઇલ્મ અનિવાર્ય અને ફાયદારૂપ ઉપયોગી છે.

નિઃશંક કુરઆને મજીદ માં ઇસ્લામી શિક્ષણ સંપૂર્ણરૂપે નિર્દેશિત છે પણ સાથે સાથે તેમાં એવા એવા જ્ઞાનો પણ છે, જે દરેક યુગ માં પ્રચલિત છે. કુરઆને મજીદ એવી સંપૂર્ણ કિતાબ છે, જે દરેક યુગ માટે અતિઉપયોગી અને લાભદાયી છે. ભૂતકાળ ના ફક્ત મુસ્લિમ વિજ્ઞાનીકોએ જ નહીં, બલ્કે ગૈર-મુસ્લિમ વિજ્ઞાનીકોએ પણ કુરઆને મજીદ ના સૌજન્ય થી અનેક સંશોધનો કર્યા છે. અમુક બિન મુસ્લિમ મહાનુભાવો કુરઆને મજીદ માં સંગ્રહિત ઇલ્મો થી એટલા બધા પ્રભાવિત થએલા કે તેઓએ ખરા અંતકરણ થી ઇસ્લામ ધર્મ અંગિકાર કરીને પોતાના બાપ-દાદા ના ધર્મ ને તિલાંજલી આપી દીધેલી. જેમાં મૌરીસ બોકાઇલે (Mauric Bucaille) નો પણ સમાવેશ થાય છે.

## ✪ મૌરીશ બોકાઇલે લખે છે કે :-

**"I first examined the Quranic revelation. I was looking for the degree of compatibility between the Quranic text and the data of modern science. I knew from translations that the Quran often made allusion to all sorts of natural phenomena, but I had only a summary knowledge of it. It was only when I examined that text very closely in Arabic that I kept a list of them at the end of which I had to acknowledge the evidence in front of me :**

**"the Quran did not contain a single statement that was assailable from a modern scientific point of view."**



www.markazahlesunnat.com



(હવાલા માટે જુઓ :- The Bible, The Quran And Science, લેખક :- Mauric Bucaille પ્રકાશક :- ક્રેઝન્ટ પબ્લિકેશન કાું. અલીગઢ "Introduction" પ્રકરણ, પેઇજ નં.૮)

### -: અનુવાદ :-

"જ્યારે મૈં પ્રથમ વખત કુરઆન માં નિર્દેશિત માહિતી નું પરિક્ષણ કર્યું, ત્યારે એ જાણવાનો પ્રયત્ન કર્યો કે કુરઆન ની આયતો (મૂળ લખાણ) અને આધુનિક વિજ્ઞાન વચ્ચે કેટલું સામ્ય છે ? કુરઆન ના અનુવાદ દ્વારા મને એ વાત ની પ્રતિતી થઈ કે કુરઆન અવાર નવાર કુદરતી ઘટનાઓ પ્રત્યે નિર્દેશન કરે છે. પરંતૂ તે અનુવાદ ના વાંચન થી મને સંક્ષિપ્ત માહિતી જ પ્રાપ્ત થઈ."

પણ જ્યારે મૈં અરબી ભાષા માં કુરઆન ની જુદી જુદી આયતો નો ઊંડાણપુર્વક અભ્યાસ કર્યો તો એક લીસ્ટ તૈયાર થઈ ગયું અને તે અંગે નું સંશોધન કરતાં એ વાસ્તવિકતા મારી સમક્ષ આવી કે :-

"કુરઆન માં એક પણ વિધાન એવું નથી, જેના ઉપર મોર્ડન સાયન્સ ની દ્રષ્ટિએ કોઈ જાતની ટીકા-ટીપ્પણ કરી શકાય."

## ✪ આગળ જતાં મૌરીશ બોકાઇલે લખે છે કે :-

**"Why should we be surprised at this when we know that, for Islam, religion and scince have always been considered twin sisters ? from the very beginning, Islam directed people to cultivate science, the application of this precept brought with it the prodigious strides in science taken during the great era of Islamic civilization, from which, before the renaissance, the west itself benefited."**

(હવાલા માટે :- ધી બાઇબલ, ધી કુરઆન એન્ડ સાયન્સ. લેખક :- મૌરીશ બોકાઇલે, પેઇજ નં.૯)

## -: અનુવાદ :-

“આશ્ચર્યજનક બાબત એ છે કે જ્યારે આપણને એવું જાણવા મળે છે કે ઇસ્લામ ધર્મ અને સાયન્સ નો સબંધ હમેંશા બેલડી બહેનો જેવો છે. પ્રારંભ થી જ ઇસ્લામે લોકો ને વિજ્ઞાન શિક્ષણ પ્રાપ્તિ ની પ્રેરણા આપી છે. આ બોધ નું પરિણામ એ આવ્યું કે ઇસ્લામ ની સંસ્કારી સંસ્કૃતિ ના યુગ દરમિયાન સાયન્સ ના ક્ષેત્રે અદભૂત પ્રગતિ સાધવામાં આવી અને મધ્યયુગ માં થી આધુનિક યુગ પ્રતિ પ્રગતિના આ મંડાણ ની સક્રાન્તિ દરમિયાન પશ્ચિમ ના દેશોએ પણ તેનો લાભ પ્રાપ્ત કર્યો.”

ઉપરોક્ત કથનો વિશ્વના એક નામાંકિત વિજ્ઞાનીક ના છે. જે વિજ્ઞાનીક ઇસાઈ સંપ્રદાય થી સબંધ ધરાવવા ના સમયકાળ દરમિયાન અનુભવ વાણી તરીકે ઉચ્ચારેલા અને કુરઆને મજીદ માં કરેલા ઊંડા સંશોધન ના મીઠા ફળ સ્વરૂપે અનેક સાઇન્ટીફીટ બાબતો કુરઆન દ્વારા હલ કરી અને વિશ્વસ્તરે નામના મેળવવા ની સાથે સાથે અમુલ્ય નેઅ્મત રૂપે “ઈમાન” ની દૌલત પણ મેળવી.

કુરઆને મજીદ નો અભ્યાસ દ્વારા મૌરીશ બોકાઇલે ને ઇસ્લામ ધર્મ અંગિકાર કરવાની પ્રેરણા મળેલી અને તેઓએ પોતાના બાપ-દાદા ના બાતિલ ધર્મ ને તિલાંજલી આપીને કલ્મ-એ-શહાદત પઢીને “ઇસ્લામ” ની દૌલત થી પણ માલામાલ થએલા.

ટૂંક માં ફક્ત એટલું કે ગૈર મુસ્લિમો કુરઆને મજીદ ના શિક્ષણ ને આધુનિક વિજ્ઞાન થી સુસંગત જાણીને કુરઆન ના શિક્ષણ પ્રત્યે આકર્ષણ ધરાવે છે અને કુરઆન ના શિક્ષણ ની રોશની માં અનેક મહામુલી શોધો અને સંશોધનો કરીને વિશ્વસ્તરે નામાંકિત બનવાની સાથે સાથે ઈમાન ની અમુલ્ય દોલત ની



www.markazahlesunnat.com



પ્રાપ્તી ના પણ સૌભાગ્યવાન બનીને દુનિયા અને આખેરત બન્ને જહાં ની ભલાઈ હાસિલ કરી છે.

પણ અફસોસ કે વર્તમાન યુગ માં મુસ્લિમો વેસ્ટર્ન કલ્ચર થી પ્રભાવિત થઈને કુરઆન ના શિક્ષણ થી વિઃમુખ થઈને દર દરની ઠોકરો ખાય છે. પરિણામે આર્થિક, સામાજિક, શૈક્ષણિક, રાજકીય અને અન્ય ક્ષેત્રે પછાતપણા ની લઘૂતાગ્રંથી થી પીડાય છે. અને પ્રગતિ ના સોપાનો સર કરવાના બદલે અધોગતી ના અંધકાર માં ફાંફાં મારે છે. માટે હવે સમય ને ઓળખીને અને પાળખીને જાગૃત થવાની સખ્ત જરૂરત છે. અને દુન્યવી ઇલ્મ ની સાથે સાથે કુરઆને મજીદ ના અકલ્પનીય અને વિશાળ ઇલ્મી ભંડોળ ના મહાસમુદ્ર માં ડુબકી મારીને અનમોલ મોતી સમાન ઇલ્મ ના મહામૂલા ઝવેરાત દ્વારા પોતાના જીવન ના ઇલ્મી ક્ષેત્ર ને જ્ઞાન ના આભુષણો દ્વારા અલંકારિત કરવાની તાતી ઝરૂરત છે. માટે આજ ના યુગ નો દરેક મુસ્લિમ કુરઆન ના શિક્ષણ પ્રત્યે લક્ષ આપીને વિશ્વસ્તરે ભૂતકાળ ની સિધ્ધિઓનું પુનરાવર્તન કરે અને સમગ્ર વિશ્વને એ હકીકત ની ઝાંખી કરાવી આપે કે જ્ઞાન ના ક્ષેત્રે મુસ્લિમો નો કોઈ જોટો નથી, કોઈ વિકલ્પ નથી, કોઈ સમોવડીઓ નથી.

અલ્લાહ તબારક વ તઆલા તેના પ્યારા મહેબૂબ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ ના સદકા માં દરેક મો’મિન ને કુરઆને મજીદ ની તિલાવત કરીને તેની આયતો ના સાચા અર્થ સમઝી ને આયત નો હાર્દ, મર્મ, ભેદ, મકસદ અને મુરાદ ને સમઝી ને વિશ્વસ્તરે જ્ઞાન ના ભંડાર બનીને ઇસ્લામ નું નામ રોશન કરીને ભૂતકાળ ની પ્રતિષ્ઠતા પુઃન સ્થાપિત કરવા માટે ના પ્રયાસ ના યશભાગી બનવાની તૌફીક અતા ફરમાવે. .... આમીન.

# ચૌદમી સદી ના મુજદ્દિદ આ'લા હઝરત ઇમામ અહમદ રઝા બરેલ્વી પણ મહાન વિજ્ઞાનીક અને સંશોધક હતા.

આ'લા હઝરત ઇમામ અહમદ રઝા મુહક્કિક બરેલ્વી રદીઅલ્લાહો અન્હો પોતાના સમય ના મહાન વિજ્ઞાનીક હતા. જેની સંક્ષિપ્ત બલ્કે અલ્પ માત્રા માં માહિતી અત્રે રજૂ છે :-

❖ પૃથ્વી ગોળ છે અને ફરે છે, આ નિયમ દુનિયા ની દરેક સ્કુલો અને કોલેજો માં સર્વ-માન્ય વાસ્તવિકતા સ્વરૂપે સ્વીકાર્ય છે. ઇ.સ. ૧૫૩૦ સુધી વિશ્વ ના દરેક વિજ્ઞાનીકો પૃથ્વી સ્થિર છે અને ફરતી નથી, એ નિયમ ને સ્વીકારતા હતા. પણ પોલેન્ડ ના નિકોલસ કોપરનેક્સ (Nicolaus Copernicus) નામ ના વિજ્ઞાનીકે (અવસાન ઇ.સ. ૧૫૪૩) નવો નિયમ ઘડી કાઢ્યો કે પૃથ્વી સુર્ય ની આસપાસ ફરે છે. ત્યારબાદ જર્મની ના જહોન્સ કેપ્લર (Johannes Kepler) નામ ના વિજ્ઞાનીકે (અવસાન ઇ.સ. ૧૬૩૦) તથા ઇટાલી ના ગેલેલીયો (Galileo-અવસાન ઇ.સ. ૧૬૪૨) નામ ના વિજ્ઞાનીકે પૃથ્વી ફરે છે, એ નિયમ નું સમર્થન કર્યું અને તેમાં સુધારા-વધારા કરીને પૃથ્વી ની ફરવાની ગતિ ના બે પ્રકારો (૧) Revoling Motion અને (૨) Rotatory Motion એટલે કે ભ્રમણા અને પરિ-ભ્રમણા નક્કી કરી. ત્યાર બાદ ઇ.સ. ૧૬૪૨ માં આઇઝેક ન્યુટન નામ ના વિજ્ઞાનીકે ગુરૂત્વાકર્ષણ નો નવો નિયમ શોધી કાઢ્યો અને પૃથ્વી ગતિમાન હોવાનું સમર્થન કર્યું.



www.markazahlesunnat.com



❖ ઇમામ અહમદ રઝા એ ઇસ્લામી દ્રષ્ટિકોણ થી પૃથ્વી ગતિમાન હોવાનું ખંડન કર્યું અને કુરઆન તથા હદીષ ના મઝબૂત હવાલાઓ દ્વારા પુરવાર કર્યું કે પૃથ્વી સ્થિર છે અને ગતિમાન નથી. ઉપરાંત, ઉપરોક્ત વર્ણનીય વિજ્ઞાનીકોએ પૃથ્વી ની ગતિ ના પુરાવા માં જે દલીલો રજૂ કરેલી, તેના ખંડન માં વિજ્ઞાન ના નિયમો દ્વારા **એકસો પાંચ (૧૦૫)** દલીલો દ્વારા પુરવાર કરી આપ્યું કે **પૃથ્વી સ્થિર છે અને ફરતી નથી.** આ વિષય ઉપર ઇમામ અહમદ રઝા એ એક દળદાર કિતાબ **"અલ-ફવઝુલ-મુબીન-દર-રદ્દે-હરકતે-ઝમીન"** (સ.હિ. ૧૩૩૮) માં લખી છે.

વર્ણનીય કિતાબ માં આપે ● Temprament physics ● Chemistry ● Geography ● Astrophisics ● Astrology ● Ephemerics ● Logaritham ● Spherical Trignometry ● Liner of Surface Trignometry ● Geometry ● old Philosophy ● Speed ● Velocity ● Weignt ● Mass ● Volume ● Density ● Trignometry ● Tides ● Projective ● Floatation ● Steam ● Culmination ● Parallelogram, ● Appendage ● Congelation તથા અન્ય મહત્વ ની બાબતો, નિયમો અને વિજ્ઞાન ના સિધ્ધાંતો ઉપર વિસ્તૃત છણાવટ કરી છે.

ઇમામ અહમદ રઝા એ પુરવાર કરેલા પૃથ્વી સ્થિર હોવાના ઇસ્લામી દ્રષ્ટિકોણ ના સમર્થન માં આજે વિશ્વના અનેક વિજ્ઞાનીકો પુનઃ સમીક્ષા અને સંશોધન કરી રહ્યા છે અને નજીક ના ભવિષ્ય માં જ ઇમામ અહમદ રઝા એ પુરવાર કરેલા પૃથ્વી સ્થિર હોવાના નિયમ ને વિશ્વસ્તરે સર્વાનુમતે સ્વીકારવા માં આવે તેવી શક્યતા જ નહીં બલ્કે પ્રબળ અપેક્ષા છે.

❖ મોબાઇલ ફોન આજે દરેક વર્ગ ની વ્યક્તિ ની અનિવાર્ય જરૂરત બની ગએલ છે. મોબાઇલ ફોન પણ ઇમામ અહમદ રઝા એ કરેલા સંશોધન ને આભારી છે. ધ્વની શાસ્ત્ર

(Phonics) ના વિષય ઉપર આપે લખેલી કિતાબ **"અલ-કશ્ફુશ-શાફિયા-ફી-હુક્મે-ફોનોજરાફિયા"** (સ.હિ. ૧૩૨૮) માં આપે અવાજ ના પડઘા અંગે ના જૂના અને અબળ નિયમો નું ખંડન કરીને નવા અને સબળ નિયમો ઘડી કાઢ્યા અને વિશ્વને મોબાઇલ ફોન અને વોઇસ મેસેજ ની સુવિધા પ્રાપ્ત થઈ.

❖ Atomic Energy (અણુ શક્તિ) અંગે વિશ્વ વ્યાપી ખ્યાતી ધરાવનાર સાઇન્સટીસ અલબર્ટ આઇન્સટને (Albert-Einstein) એક થેસીસ (મહાનિબંધ) લખેલો અને અણુ અવિભાજીત છે, તે નિયમ ની સત્યતા પુરવાર કરવા સમગ્ર શક્તિ ખર્ચી નાખેલી. અલબર્ટ આઇન્સટન ના અણુ શક્તિ ના દ્રષ્ટિકોણ નું સબળ પુરાવાઓ દ્વારા ખંડન કરીને ઇમામ અહમદ રઝા એ **"અલ-કલેમતુલ-મુલ્હેમા-ફી-રદ્દે-ફલસફતે-કદીમા"** (સ.હિ. ૧૩૩૮) માં લખી. અલબર્ટ આઇન્સટને આ'લા હઝરત ઇમામ અહમદ રઝા ની વર્ણનીય કિતાબ નું અંગ્રેજી અનુવાદ કર્યુ અને અગાઉ તેણે લખેલી થેસીસ ફાડી નાખી અને આ'લા હઝરત ની કિતાબ ના અંગ્રેજી અનુવાદ ને પોતાની થેસીસ સ્વરૂપે વિશ્વ સમક્ષ રજૂ કરીને અણુ સંશોધન ક્ષેત્રે **"નોબલ-પ્રાઇઝ"** મેળવી લીધું. **થેન્ક્સ ટુ આ'લા હઝરત ઇમામ અહમદ રઝા.**

❖ એટમી એનર્જી (અણુશક્તિ) અંગે ના ઇમામ અહમદ રઝા ના દ્રષ્ટિકોણ નું નીચે ના વિજ્ઞાનીકો એ સમર્થન કર્યું છે.

★ ઇ.સ. ૧૮૯૮ માં જે.જે. થોમસન (j.j. Thomson)
★ ઇ.સ. ૧૯૧૧ માં રૂધરફોર્ડ (Rutherford)
★ ઇ.સ. ૧૯૧૩ માં નિલબોર્હ (Neil Bohr)

❖ સામાન્ય રીતે આપણી જાણકારી અમુક પ્રકાર ના પાણી



www.markazahlesunnat.com



સુધી જ સિમિત અને મર્યાદિત હોય છે. જેમકે સમુદ્ર, નદી, તળાવ, કૂવો, ઝરણું, વરસાદ, વિગેરે. આ'લા હઝરત ઇમામ અહમદ રઝા બરેલ્વી એ પોતાની કિતાબ **"અન્નૂરો-વન્નૂરક-લે-અસ્ફારિલ-માઇલ-મુત્લક"** (સ.હિ. ૧૩૩૪) માં ૩૫૦, પ્રકાર ના પાણી નું વર્ણન કર્યું છે. આ કિતાબ ૯"x૬" સાઇઝ ના ૪૪૫, પેઇજ ઉપર આધારિત છે.

❖ ગણિત શાસ્ત્ર અને ખાસ કરીને બીજ ગણિત (Algebra) ના વિષય માં વિશ્વ કક્ષા ના નિષ્ણાંતો માં મોખરા નું સ્થાન ધરાવનાર અલીગઢ યુનિવર્સીટી ના વાઇસ ચાન્સેલર અને ઓક્સફોર્ડ યુનિવર્સીટી (Oxford University) ની મેથેમેટીક રીસર્ચ કમિટી ના ચેરમેન **ડોક્ટર સર ઝિયાઉદ્દીન** થી પુછવામાં આવેલા ચાર (૪) પ્રશ્નો ઉપર આધારિત દાખલા નો ઉત્તર શોધવા માટે અઠવાડિયાઓ સુધી તેમણે મથામણ કરી પણ કોયડો અણ-ઉકેલ રહ્યો. જેથી તેનો ઉકેલ લાવવા જર્મન નો પ્રવાસ ખેડવા ની તૈયારી કરી લીધેલી અને આકસ્મિક તેઓની મુલાકાત આ'લા હઝરત ઇમામ અહમદ રઝા બરેલ્વી થી થઈ. વાતચિત દરમિયાન તે અણ-ઉકેલ કોયડા નું વર્ણન થયું. આ'લા હઝરતે ચારેય સવાલો સાંભળી ને વિના વિલંબે તેનો સાચો ઉકેલ અને ઉત્તર કહી આપ્યો. ડોક્ટર સર ઝિયાઉદ્દીન આશ્ચર્યચકિત બની ગયા. ત્યાર બાદ તેઓ અનેક વખત ગણિત શાસ્ત્ર ના અનુસંધાને ચર્ચા કરવા અને વિકટ પ્રશ્નો ના ઉકેલ માટે આ'લા હઝરત પાસે આવતા હતા અને માર્ગદર્શન મેળવતા હતા. ડોક્ટર સર ઝિયાઉદ્દીને ત્યાં સુધી કહેલું કે **જો ગણિત શાસ્ત્ર ના નિષ્ણાંત તરીકે ઇન્ટરનેશનલ નોબલ પ્રાઇઝ નો કોઈ હકદાર હોય, તો તે બરૈલી ના મૌલાના અહમદ રઝા ખાં સાહેબ છે.**

❖ સ્ત્રી ના પેટ માં રહેલા ગર્ભ નું પરિક્ષણ **"સોનોગ્રાફી"** દ્વારા કરીને જાણી શકાય છે કે ગર્ભ માં રહેલુ બાળક નર છે કે નારી ? આ રીતે ગર્ભ ના બાળક ની જાતિ વર્તમાન યુગ ની આધુનિક શોધ દ્વારા જાણી શકવું શક્ય બન્યું છે. આ'લા હઝરત ઇમામ અહમદ રઝા એ સ.હિ. ૧૩૧૫ એટલે કે આજ થી ૧૧૯, વર્ષ પહેલાં **"અસ્સમસામ-અલા-મુશકક્કે-ફી-આયતે-ઉલૂમિલ-અરહામ"** લખીને ગર્ભ પરિક્ષણ ની શક્યતા અને તે પ્રમાણે ગર્ભ પરિક્ષણ દ્વારા બાળક ની જાતિ જાણી શકવું શક્ય હોવું પુરવાર કરેલું છે.

❖ ભુસતર શાસ્ત્ર ના વિષય ઉપર આ'લા હઝરત ઇમામ અહમદ રઝા એ એક ઐતિહાસિક કિતાબ **"હુસ્નુત-તઅમ્મુમ-લે-બયાને-હદદ્દિ-તયમ્મુમ"** (હિ.સ. ૧૩૨૫) માં લખીને ખનીજ ના વિવિધ પાસાઓ ઉપર જે વિસ્તૃત છણાવટ કરી છે, તે વાંચીને પ્રખર અને વિદ્રાન ભુસ્તર શાસ્ત્રીઓ પણ દંગ રહી જાય છે.

❖ Logic અને Sphilosophy ના વિષય ઉપર હિ.સ. ૧૩૦૪ માં આ'લા હઝરત ઇમામ અહમદ રઝા એ લખેલી કિતાબ **"મકામેઉલ-હદીદ-અલા-ખત્તે-મન્તેકિલ-જદીદ"** માં આપે તર્કશાસ્ત્ર અને ફિલોસોફી ના વિષય ઉપર જે ઇલ્મ ના દરિયા વહેતા કર્યા છે. તેમાં ઉછાળા મારતા મોજાઓ માં સારા સારા ફિલોસોફિઓ અને તર્કશાસ્ત્રીઓ તણાઈ જતા દ્રષ્ટિગોચર થાય છે.

❖ ઇલ્મે જફર એટલે કે Numerology અને Literology ના વિષય માં આપ પોતાના સમય ના એક અદ્રીતીય વિદ્વાન અને નિષ્ણાંત હતા. આ વિષય ઉપર આપે અનેક



www.markazahlesunnat.com



ઐતિહાસિક કિતાબો લખી છે. જેનો ટોટલ ત્રીસ (૩૦) થી પણ વધુ છે. મુખ્યત્વે **"અસ્હલુલ-કુતુબે-ફી-હલલિલ-મનાઝિલ"** (સ.હિ. ૧૩૨૮) માં આપે ઇલ્મે જફર ના એંસી હજાર (૮૦,૦૦૦) નિયમો નો ટુંકસાર એક કોષ્ટક માં રજૂ કરીને અદભૂત જ્ઞાન પ્રદર્શન કરેલ છે. ઉપરાંત સ.હિ. ૧૩૨૨ માં મક્કા મોઅઝ્ઝમા માં આપે લખેલી કિતાબ **"અદુર્રુલ-મકનૂન-વલ-જવહરૂલ-મસઊન"** ઇલ્મ ના અમુલ ખઝાના ના વારસારૂપે આજે પણ આપણા માટે માર્ગદર્શક બની રહી છે.

ટૂંક માં આ'લા હઝરત **ઇમામ અહમદ રઝા બરેલ્વી** રદીઅલ્લાહો તઆલા અન્હો કુલ **૨૧૫, વિષયો** ના જાણકાર નહીં બલ્કે નિષ્ણાંત હતા. આપે પોતાના જીવન કાળ દરમિયાન ચૌદસો (૧૪૦૦) જેટલી અજોડ અને ઐતિહાસિક કિતાબો લખી છે. જેનું વિસ્તારપુર્વક નું વર્ણન મારી લખેલી કિતાબ **"આ'લા હઝરત અને મોર્ડન ટેક્નોલોજી"** માં છે. આ કિતાબ ટૂંક સમય માં પ્રગટ થઈ વાંચકો ના હાથ માં હશે.

આ'લા હઝરતે પંચાગવિદ્યા (Ephemeris), રસાયણશાસ્ત્ર (Alchemy), નીતિશાસ્ત્ર (Ethics), પ્રાણીશાસ્ત્ર (Zoology), ખનીજવિદ્યા (Minerology), લઘૂ ગુણકવિદ્યા (Logaritham), વનસ્પતિ શાસ્ત્ર (Botany), ધ્વનીશાસ્ત્ર (Phonics), ઔષધવિદ્યા (Pharmacy), ચતુષ્કોણ વિદ્યા (Squarology), ભૂમિતી (Euclid), અર્થ શાસ્ત્ર (Economics), સમાજ વિદ્યા (Sociology), ગણત્રી વિદ્યા (Statistics), જંતુ વિજ્ઞાન (Entomology), હવામાન શાસ્ત્ર (Meterology), ગ્રહગતિ વિજ્ઞાન (Astrophysics), જેવા વિષયો ઉપર કલમ ચલાવીને અદભૂત અને ઐતિહાસિક કિતાબો પોતાના ઇલ્મી વારસા રૂપે આપણને ભેટ આપતા ગયા છે.